RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 219 Dt. 04-03-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### ઓપરેશન Epic Fury એ ઈરાનમાં મચાવ્યો વિનાશ

# ઈરાનમાં સર્વોચ્ચ નેતાની ચૂંટણી સમયે હુમલો

## વિશ્વ ચિંતાતુર, આર-યા-પારની લડાઈ : ઈરાનના નવા રક્ષામંત્રીનું પણ મોત , ઈઝરાયેલ બન્યું હિંસક

નવીદિલ્હી, તા. ૩

મધ્ય પૂર્વમાં ઈરાન સાથેનું યુદ્ધ આજે પાંચમાં દિવસમાં પ્રવેશ્યું છે. તે બધું ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ યુએસ અને ઈઝરાયલી સંયુક્ત હુમલાઓથી શરૂ થયું હતું, જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીની હત્યા કરવામાં આવી હતી. ત્યારથી, પરિસ્થિતિ ઝડપથી બગડી છે. ઈરાને બદલો લેવા માટે હુમલાઓ શરૂ કર્યા, ખાડી દેશોમાં યુએસ બેઝ અને દૂતાવાસો પર ડ્રોન અને મિસાઈલો છોડ્યા. ઈઝરાયલે લેબનોનમાં હિઝબુલ્લાહના લક્ષ્યો પર હુમલાઓ વધારી દીધા. ઈરાનમાં મૃત્યુઆંક હવે ૭૪૨ ને વટાવી ગયો છે, અને વૈશ્વિક તેલના ભાવ પ્રતિ બેરલ ૧૫૦ ને વટાવી ગયા છે. ઓપરેશન એપિક ફ્યુરીએ ઈરાનમાં વિનાશ મચાવ્યો. બધું અચાનક શરૂ થયું. અમેરિકા અને ઈઝરાયલે ઓપરેશન એપિક ફ્યુરી શરૂ કર્યું. ઈઝરાયલી F-35s અને યુએસ B-2 બોમ્બરોએ ઈરાની પરમાણુ સ્થળો, બેલિસ્ટિક મિસાઈલ બેઝ અને નેતૃત્વ લક્ષ્યો પર હુમલો કર્યો. તેહરાનમાં ખામેનીના ઘર પર હુમલો કરવામાં આવ્યો હતો, અને ઈરાની મીડિયાએ તેમના મૃત્યુની પુષ્ટિ કરી હતી. પહેલા દિવસે, ઈરાનમાં આશરે ૨૦૦ લોકો માર્યા ગયા હતા, જેમાં મોટાભાગના લશ્કરી કર્મચારીઓ હતા. અમેરિકાએ કહ્યું હતું કે આ ઈરાનના પરમાણુ અને મિસાઈલ કાર્યક્રમોને રોકવા માટે હતું. ઈરાનના સર્વોચ્ચ નેતાઓની ચૂંટણી ચાલતી હતી તે સમયે જ ઇઝરાયલે હુમલો કર્યો છે જેમાં ઈરાનના નવા રક્ષા મંત્રીનું પણ મોત થયું છે. ઇઝરાયેલે હાલ વિનાશક રૂપ અપનાવ્યું છે.

ઈરાને પહેલા દિવસે નોંધપાત્ર પ્રતિક્રિયા આપી ન હતી, પરંતુ રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC) એ ચેતવણી જારી કરી. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરીને બદલો લેવા માટે હુમલા શરૂ કર્યા અને મિસાઇલ-ડ્રોન હુમલા શરૂ કર્યા. IRGC એ કતાર, કુવૈત અને બહેરીનમાં યુએસ બેઝ પર બેલિસ્ટિક મિસાઇલો ચલાવી. દુબઈ અને અબુ ધાબી (UAE) માં ડ્રોન હુમલા થયા. સાઉદી અરેબિયા અને ઓમાન પર પણ હુમલો કરવામાં આવ્યો. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાની જાહેરાત કરી, જેના દ્વારા વિશ્વનું ૨૦% તેલ પસાર થાય છે. બ્રિગેડિયર જનરલ સરદાર ઇબ્રાહિમ જબારીએ કહ્યું કે ત્યાંથી પસાર થતા કોઈપણ જહાજને બાળી નાખવામાં આવશે. આ દિવસે, યુએસ હુમલાઓમાં ઈરાનમાં ૧૫૦, ગલ્ફ દેશોમાં ૫૦ થી વધુ અને યુએસ સૈનિકોમાં બે મૃત્યુ થયા. ઇઝરાયલે બેરુતમાં હિઝબુલ્લાહના અલ-મનાર ટીવી મુખ્યાલય પર બોમ્બમારો કર્યો, જે હવે બીજા સ્થાનથી પ્રસારિત થઈ રહ્યું છે. દક્ષિણ વિસ્તારો અને લેબનોનમાં બેકા ખીણમાં થયેલા હુમલાઓમાં ૫૨ લોકો માર્યા ગયા અને ૧૫૪ ઘાયલ થયા. ઇઝરાયલે PIJના લેબનીઝ કમાન્ડર અબુ હમઝા રામી અને હિઝબુલ્લાહના ઇન્ટેલિજન્સ હેડ હુસૈન મકલેહને માર્યા ગયા હોવાનો દાવો કર્યો. ઈરાને રિયાધમાં યુએસ દૂતાવાસ પર બે ડ્રોનથી હુમલો કર્યો, જેમાં આગ લાગી પરંતુ કોઈ જાનહાનિ થઈ નહીં. કુવૈત અને દુબઈમાં પણ હુમલા થયા. અમેરિકાએ ૧૪ દેશો (બહેરીન, કુવૈત, ઈજિપ્ત, વગેરે) માં રહેતા તેના નાગરિકોને તાત્કાલિક સ્થળાંતર કરવાની સલાહ આપી. પહેલા ૩૦ કલાકમાં ઈરાન પર ૨,૦૦૦ હુમલા: આજે સવારથી તેહરાનમાં અમેરિકા અને ઈઝરાયલી હુમલા ચાલુ છે, જેમાં ૨,૦૦૦ થી વધુ લક્ષ્યોને નિશાન બનાવવામાં આવ્યા છે. ઈઝરાયલે તેહરાનમાં વધુ IRIB (ઈરાની બ્રોડકાસ્ટિંગ) સ્થળોનો નાશ કર્યો. ઈરાને ઈરાકના એર્બિલમાં એક યુએસ બેઝ પર ડ્રોન ફાયર કરીને બદલો લીધો, જેમાં બે યુએસ સૈનિકો માર્યા ગયા. હજારો લોકો લેબનોનના દક્ષિણ ગામડાઓમાંથી ભાગી રહ્યા છે, ટ્રાફિકમાં ફસાયેલા છે, આજે લેબનોનમાં ૨૦ વધુ લોકોના મોત થયા છે. ઈરાની વિદેશ પ્રધાન સૈયદ અબ્બાસ અરાઘચીએ ડ પર પોસ્ટ કર્યું કે અમેરિકાએ ઈઝરાયલ વતી ''પસંદગીનું યુદ્ધ'' શરૂ કર્યું છે, અને કોઈ ઈરાની ખતરો નથી. યુએસ હાઉસ સ્પીકર માઈક જોહ્ન્સને કહ્યું કે હુમલા ''બચાવ માટે જરૂરી'' હતા અને ઝડપથી સમાપ્ત થશે. ટ્રમ્પે રિયાધ હુમલા વિશે કહ્યું કે જવાબ ''ખૂબ જ ટૂંક સમયમાં'' આવશે પરંતુ ભૂમિ સૈનિકો મોકલશે નહીં.



# ગલ્ફના નેતાઓ સાથે મોદીની વાતચીત

## અમેરિકા- ઇઝરાયલ અને ઈરાન વચ્ચેના સંકટથી ભારત ચિંતાતુર

નવીદિલ્હી, તા. ૩

ઈરાન યુદ્ધ વચ્ચે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ઓમાનના સુલતાન હૈથમ બિન તારિક, કુવૈતના ક્રાઉન પ્રિન્સ શેખ સબાહ અલ-ખાલિદ અલ-હમદ અલ-મુબારક અલ-સબાહ અને કતારના અમીર શેખ તમીમ બિન હમદ અલ થાની સાથે વાત કરી. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે પીએમ મોદીએ તેમના દેશો પર થયેલા હુમલાઓ અંગે ચિંતા વ્યક્ત કરી. ટેલિફોન વાતચીત દરમિયાન, વડા પ્રધાન મોદીએ ત્યાં રહેતા ભારતીય સમુદાયના કલ્યાણ અને સલામતી અંગે પણ ચર્ચા કરી. એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''વડા પ્રધાને મંગળવારે બપોરે ગલ્ફ ક્ષેત્રના બે મહત્વપૂર્ણ નેતાઓ સાથે વાત કરી હતી. તેમણે ઓમાનના સુલતાન હૈથમ બિન તારિક અને કુવૈતના ક્રાઉન પ્રિન્સ શેખ સબાહ અલ-ખાલિદ અલ-હમદ અલ-મુબારક અલ-સબાહ સાથે ફોન પર વાત કરી હતી.''

બંને નેતાઓ સાથેની વાતચીત દરમિયાન, મોદીએ તેમના દેશોમાં થયેલા હુમલાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને ત્યાં રહેતા ભારતીય સમુદાયના કલ્યાણ અને સલામતી અંગે ચર્ચા કરી હતી. આ ફોન વાતચીત અમેરિકા અને ઇઝરાયલ દ્વારા ઈરાન સામે શરૂ કરાયેલા સંયુક્ત હુમલાઓ પછી થઈ હતી. પ્રધાનમંત્રી મોદીએ છેલ્લા બે દિવસમાં બહેરીનના રાજા અને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ સાથે વાત કરી હતી અને બંને દેશો પર થયેલા તાજેતરના હુમલાઓની નિંદા કરી હતી. મોદીએ કહ્યું હતું કે આ મુશ્કેલ સમયમાં ભારત તેમની સાથે એકતામાં ઉભું છે. પ્રધાનમંત્રીએ જોર્ડનના રાજા અબ્દુલ્લા બીજા સાથે પણ વાત કરી હતી અને પ્રદેશમાં બગડતી પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી. મોદીએ યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન અને ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે પણ વાત કરી હતી. બીજી માર્ચના રોજ વડાપ્રધાન મોદીએ સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને બહેરીનના કિંગ હમદ બિન ઇસા અલ ખલીફા સાથે વાત કરી હતી. સાઉદી ક્રાઉન પ્રિન્સ સાથેની વાતચીત બાદ પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે, સાઉદી અરેબિયાના સાર્વભૌમત્વ અને અખંડતાના ઉલ્લંઘન સમાન હુમલાઓની ભારત સખત ટીકા કરે છે. તેમણે બહેરીનના રાજાને પણ ખાતરી આપી હતી કે ભારત આ મુશ્કેલ સમયમાં બહેરીનની જનતા સાથે અડગ ઊભું છે.



# નીતિન નબીન સહિત નવ ઉમેદવાર લડશે રાજ્યસભા ચૂંટણી

નવીદિલ્હી, તા. ૩

૧૬ માર્ચે ૧૦ રાજ્યોમાં ૩૭ રાજ્યસભા બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે અને ભાજપે મંગળવારે ચૂંટણી માટે ઉમેદવારોની પોતાની પહેલી યાદી જાહેર કરી હતી. ભાજપ દ્વારા જાહેર કરાયેલી પહેલી યાદીમાં છ રાજ્યોમાંથી નવ નામોનો સમાવેશ થાય છે, જેમાં પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનનો પણ સમાવેશ થાય છે. પહેલી યાદીમાં ભાજપ તરફથી એક મહિલા ઉમેદવારનું નામ પણ જાહેર કરવામાં આવ્યું છે. ચાલો જાણીએ કે ભાજપની પહેલી યાદીમાં કયા રાજ્યમાંથી કોને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. આગામી રાજ્યસભા ચૂંટણી માટે મંગળવારે જાહેર કરાયેલી યાદીમાં ભાજપ પ્રમુખ નીતિન નવીનને બિહારથી પાર્ટીના ઉમેદવાર તરીકે નામ આપવામાં આવ્યું હતું. તેઓ હાલમાં પટનાના બાંકીપુર મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદથી તેમની રાજ્યસભા બેઠક અંગે ઘણી અટકળો ચાલી રહી છે, અને હવે આ વાતની પુષ્ટિ થઈ ગઈ છે.

બિહારમાં ખાલી પડતી પાંચ બેઠકો પૈકી ભાજપે પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન અને શિવેશ કુમારને ઉમેદવાર બનાવ્યા છે. નીતિન નબીન પટનાના બાંકીપુરથી પાંચ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે અને તેમની ઉમેદવારી બિહારમાં પક્ષની મોટી વ્યૂહનીતિનો ભાગ છે.

તેવી જ રીતે આસામની ત્રણ બેઠકો માટે તેરાશ ગોવાલા અને જોગેન મોહનને ટિકિટ આપવામાં આવી છે, જેઓ રાજ્ય સરકારમાં પણ સક્રિય ભૂમિકા ભજવી ચૂક્યા છે. હરિયાણામાં ભાજપે વહીવટી અનુભવ ધરાવતા સંજય ભાટિયાને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે પશ્ચિમ બંગાળથી જાણીતા ચહેરા રાહુલ સિંહાને ટિકિટ આપી છે. ઓડિશામાં ભાજપની સરકાર હોવાથી ત્યાં સ્થિતિ અનુકૂળ છે, જ્યાંથી મનમોહન સામલ અને સુજીત કુમાર ચૂંટણી લડશે. છત્તીસગઢની વાત કરીએ તો, મહિલા મોરચામાં સક્રિય એવા લક્ષ્મી વર્માને રાજ્યસભા મોકલવાની તૈયારી કરવામાં આવી છે. આ યાદી સ્પષ્ટ કરે છે કે ભાજપે પ્રાદેશિક સંતુલન અને સામાજિક સમીકરણોને ખાસ ધ્યાનમાં રાખ્યા છે.



**ભાજપે જાહેર કરી યાદી : ૧૬ માર્ચે ૧૦ રાજ્યોમાં ૩૭ બેઠકો માટે ચૂંટણી**

# ખામેનીના મૃત્યુ અંગે કેન્દ્ર વલણ સ્પષ્ટ કરે : રાહુલ

## વડાપ્રધાન મોદી પર કોંગ્રેસનો આક્ષેપ : રાષ્ટ્રપ્રમુખની હત્યાને સમર્થન આપે છે જે અયોગ્ય



નવીદિલ્હી, તા. ૩

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મંગળવારે ભારત સરકારને ઈરાન યુદ્ધ અને આયાતુલ્લાહ અલી ખામેનીની હત્યા અંગે પોતાનું નૈતિક વલણ સ્પષ્ટ કરવા વિનંતી કરી. તેમણે પ્રશ્ન કર્યો કે શું વડા પ્રધાન નરેન્દ્ર મોદી કોઈ પણ રાષ્ટ્રપ્રમુખની હત્યાને સમર્થન આપે છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ એવો પણ દાવો કર્યો હતો કે વડા પ્રધાનનું મૌન વૈશ્વિક સ્તરે ભારતની વિશ્વસનીયતાને ખતમ કરી રહ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે ઈરાન પર અમેરિકા અને ઇઝરાયલના હુમલાઓ અને અનેક ખાડી દેશો પર ઈરાની હુમલાઓની નિંદા કરવી જોઈએ. ડ પર એક પોસ્ટમાં રાહુલ ગાંધીએ કહ્યું કે અમેરિકા, ઇઝરાયલ અને ઈરાન વચ્ચે વધતી જતી દુશ્મનાવટ એક સંવેદનશીલ ક્ષેત્રને વ્યાપક સંઘર્ષ તરફ ધકેલી રહી છે.

લગભગ ૧૦ મિલિયન ભારતીય નાગરિકો સહિત લાખો લોકો અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે સુરક્ષા ચિંતાઓ સાચી છે, અને સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરતા હુમલાઓ કટોકટીને વધુ વધારશે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે સંવાદ અને સંયમ એ શાંતિનો એકમાત્ર રસ્તો છે. તેમણે ભાર મૂક્યો કે ભારતે નૈતિક રીતે સ્પષ્ટ વલણ રાખવું જોઈએ. ભૂતપૂર્વ કોંગ્રેસ પ્રમુખે કહ્યું કે આંતરરાષ્ટ્રીય કાયદા અને માનવ જીવનના બચાવમાં સ્પષ્ટ રીતે બોલવાની હિંમત આપણી પાસે હોવી જોઈએ. આપણી વિદેશ નીતિ સાર્વભૌમત્વ અને વિવાદોના શાંતિપૂર્ણ ઉકેલ પર આધારિત છે, અને તે સુસંગત રહેવી જોઈએ. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારની આકરી ટીકા કરતા, કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીએ મંગળવારે કહ્યું કે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીની લક્ષિત હત્યા પર સરકારનું મૌન તટસ્થતા નથી પરંતુ જવાબદારીનો ત્યાગ છે. તે ભારતની વિદેશ નીતિની દિશા અને વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. ભૂતપૂર્વ કોંગ્રેસ પ્રમુખે એવી પણ માંગ કરી હતી કે સંસદના બજેટ સત્રના બીજા તબક્કામાં આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાના ભંગાણ પર સરકારના ચિંતાજનક મૌન પર ખુલ્લેઆમ અને કોઈપણ ખચકાટ વિના ચર્ચા થવી જોઈએ. એક અખબારમાં પ્રકાશિત એક લેખમાં, સોનિયા ગાંધીએ કહ્યું કે નૈતિક શક્તિને ફરીથી શોધવાની અને તેને સ્પષ્ટતા અને પ્રતિબદ્ધતા સાથે વ્યક્ત કરવાની તાત્કાલિક જરૂર છે. તેમણે કહ્યું કે ઈરાનના સર્વોચ્ચ નેતાની હત્યા પર ભારત સરકારનું મૌન આશ્ચર્યજનક છે. સોનિયા ગાંધીએ કહ્યું કે ભારત સરકારે ન તો હત્યાની નિંદા કરી છે કે ન તો ઈરાનની સાર્વભૌમત્વના ઉલ્લંઘનની.

### રાજકોટ મિરર કાર્યાલય આજે રજા પાળશે

આજે ધૂળેટી પર્વ નિમિત્તે રાજકોટ મિરર કાર્યાલય રજા પાળશે. જેથી તા.૦૫નો અંક પ્રસિધ્ધ થશે નહીં. જેની સર્વ વાચક મિત્રો તેમજ વિજ્ઞાપનકારોએ નોંધ લેવી. તા.૦૬નો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે.

- તંત્રી

# ગુરૂવારે સ્ટેન્ડિંગની છેલ્લી બેઠક,૧૧૫ દરખાસ્ત

## રૈયા ગામથી સ્માર્ટ સિટી સુધીના ડીપી રોડ રૂ.૧૮.૫૮ કરોડના ખર્ચે ડેવલપ કરવા બ્રીજના ઈન્સ્પેક્શન અને રીપેરીંગ માટે કન્સલ્ટન્ટની નિમણુંક કરવા સહિતની દરખાસ્તો અંગે લેવાશે નિર્ણય

રાજકોટ, તા. ૩

રાજકોટ મહાનગરપાલિકાના વર્તમાન શાસકોનો કાર્યકાળ આગામી તારીખ ૧૧ માર્ચે પુરો થવાનો છે ત્યારે, આવતીકાલ ગુરૂવારે સ્ટેન્ડિંગ કમિટીની અંતિમ બેઠક યોજાઈ છે. આ બેઠકમાં મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓને મળતી તબીબી સહાય રૂ. ૧ લાખથી વધારીને રૂ. ૩ લાખ કરવા સહિતની ૧૧૫ દરખાસ્તોનો ખડકલો કરવામાં આવ્યો છે. આ દરખાસ્તોમાં રૈયા ગામથી સ્માર્ટ સિટી સુધીના ડીપી રોડ રૂ.૧૮.૫૮ કરોડના ખર્ચે ડેવલપ કરવા, શહેરના તમામ અંડર બ્રિજ અને ઓવર બ્રીજના ઈન્સ્પેક્શન અને રિપેરિંગ માટે

કન્સલ્ટન્ટની નિમણુંક કરવા સહિતની અનેક મહત્વની દરખાસ્તો અંગે નિર્ણય લેવાશે. કમિશનર દ્વારા કરાયેલી દરખાસ્તો અંગે વાત કરતા સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરે કહ્યુ હતુ કે, મહાનગર પાલિકાના વર્ગ ૧ થી ૪ના અધિકારીઓ અને કર્મચારીઓને બીમારીના કિસ્સામાં અલગ ૨૧ પ્રકારની બીમારીમાં તબીબી સહાય આપવામાં આવે છે. શહેરનો ભૌગોલિક વ્યાપ વધ્યો હોય અગાઉ માન્ય કરાયેલી હોસ્પિટલો ઉપરાંત શહેરની તમામ સિંગલ કે મલ્ટી સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ જે જિલ્લા કક્ષાએ અધિકૃત રીતે નોંધાયેલી હોય અને માન્યતા પ્રાપ્ત હોય તેવી હોસ્પિટલોમાં લીધેલી સારવાર ગ્રાહ્ય રાખવા તેમજ ૨૦૧૨મા તબીબી સહાયની મહતમ મર્યાદા રૂ. ૧ લાખ નિયત કરવામાં આવી છે તે વર્તમાન સમય અને મોંઘી તબીબી સારવારને ધ્યાને લઈને રૂ.૩ લાખ કરવાની દરખાસ્ત કમિશનર દ્વારા કરવામાં આવી છે. સાથોસાથ જે સારવાર માટે હોસ્પિટલમાં ૨૪ કલાકથી ઓછો સમય દાખલ થવું પડે તેમ હોય તેવી સારવાર માટે તબીબી સહાય મળવા પાત્ર રહેશે. જેમાં હોસ્પિટલમાં સારવાર કે હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર ન હોય, શરીરના વારસાગત બાહ્ય રોગો, વ્યસન, ડ્રગ્સ કે આલ્કોહોલથી થતા રોગો તેમજ વિડ્રોઅલ અને રી-હેબીલ્ટિશન એડમિશન, વ્યંધત્વ અને ફેમિલી પ્લાનિંગ ઓપરેશન, કોઇપણ પ્રકારની સ્કીન, દાંત કે અન્ય પ્રકારની કોસ્મેટિક સર્જરી, રસીકરણ અને તેનાથી થતા રોગ, લડાઈ ઝગડાને કારણે માંદગી, આપઘાત, નેચરો પથી, યુનાની હોમિયો પેથિક કે આયુર્વેદિક સારવાર અને સર્જરીમાં આ સહાય મળવા પાત્ર થશે નહીં.



મનપા કર્મચારીઓની તબીબી સહાયની રકમ વધારીને ત્રણ લાખ કરાશેઃ શાસકોનો કાર્યકાળ પુર્ણ થાય એ પહેલાની અંતિમ બેઠકમાં દરખાસ્તોનો ખડકલો !

### ૨૨૦ કરોડના ખર્ચે બે સ્થળે ગ્રીન રીંગરોડ બનાવાશે

મહાનગર પાલિકા દ્વારા વેસ્ટ ઝોન હેઠળના ૧૫૦ ફ્ટ રીંગ રોડ-૨ કાલાવડ રોડ તેમજ જામનગર રોડ તરફના ૧૫૦ ફૂટ રીંગ રોડને જોડતા રસ્તા પર પ્રવર્તમાન તેમજ ભવિષ્યની ટ્રાફિકની સુવિધા ધ્યાને લઈને આ રસ્તાઓ ડેવલપ કરીને ફોર લેન બનાવવામાં આવશે. મુખ્યમંત્રી ગ્રીન રોડ યોજના અંતર્ગત સ્ટેન્ડિંગ કમિટી દ્વારા અગાઉ રૂ. ૧૨૦.૭૯ કરોડની ગ્રાંટની દરખાસ્ત કરવામાં આવી હતી . તેમાં જરૂરી ફેરફાર કરવા રાજ્ય સરકાર દ્વારા મહાનગર પાલિકાને સુચનો મોકલવામાં આવ્યા છે. જે મુજબ દરખાસ્તમાં સુચવેલા ખર્ચ કરતા વધુ ખર્ચ થતો હોય આ બન્ને રીંગ રોડને મુખ્યમંત્રી ગ્રીન રોડ ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ રૂ. ૨૨૦.૮૨ કરોડના ખર્ચે ડેવલપ કરવા દરખાસ્ત કરાઈ છે.

### આજીડેમ પાસે રૂ.30.૧૬ કરોડના ખર્ચે ફાયરસ્ટેશન બનાવાશે

વોર્ડ નં.૧૫માં આજીડેમ ટ્રાફિક પોલીસ સ્ટેશનની પાછળ મહાનગરપાલિકાના ખુલ્લા પ્લોટમાં રૂ.30,૧૬,૭૪,૯૨૬ના ખર્ચે ફાયર સ્ટેશન બનાવવાની દરખાસ્ત કરવામા આવી છે. આ ફાયર સ્ટેશનમાં બેઝમેન્ટમાં ૨૭ કાર, અને ૬૫ ટુ વ્હીલરના પાર્કિંગની સુવિધા, ગ્રાઉન્ડ ફ્લોરમાં ફાયરની છ ગાડી, એક વર્કશોપ, કંન્ટ્રોલરૂમ, રેસ્ટરૂમ, સ્ટોર, ઓફિસ, ફર્સ્ટફ્લોરમાં એડમિન ઓફિસ, સ્ટેશન ઓફિસર, વેઈટિંગ એરિયા, ઓફિસ, સેકન્ડ ફ્લોરમાં મિટિંગરૂમ, ઓફિસ, સેકન્ડ અને ફર્સ્ટ ફ્લોરમાં થ્રી બીએચકેના ચાર ફ્લેટ તેમજ ત્રીજા અને ચોથા માળે ટુ બીએચકેના ૬૪ ફ્લેટ બનશે.

### સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વધારાની ગ્રાન્ટ મંગાશે

મહાનગર પાલિકાને વર્ષ ૨૫-૨૬માં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂ. ૫૧૫ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. જેમાં આંતર માળખાકિય સુવિધાના કામો માટે રૂ. ૩૬૭ કરોડ, મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત રૂ.૬૮ કરોડ અને આઉટ ગ્રોથ વિસ્તારના વિકાસ માટે રૂ. ૮૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ મંજૂર થયેલી ગ્રાન્ટ સામે રાજ્ય સરકાર દ્વારા બે ગણું આયોજન કરીને મોકલવા માટે સુચના અપાઈ હતી. જે મુજબ મહાનગરપાલિકા દ્વારા આંતર માળખાકીય વિકાસ કામો માટે રૂ.૭૩૪ કરોડ, મુખ્યમંત્રી શહેરી વિકાસ સડક યોજના ગ્રાંન્ટ હેઠળ રૂ. ૧૩૬ કરોડ અને આઉટ ગ્રોથ વિસ્તારના વિકાસ માટે રૂ.૧૬૦ કરોડ મળીને રૂ. ૧૦૩૦ કરોડની દરખાસ્ત કરવામા આવી હતી. રાજ્ય સરકારે ૨૦૨૫-૨૬ને અર્બન ડેવલપમેન્ટ વર્ષ જાહેર કર્યું હોય મંજૂર થયેલ રૂ. ૫૧૫ કરોડ કરતાં વધુ ખર્ચ થાય તેમ હોય રૂ .૨૫૬.૪૪ કરોડની વધારની ગ્રાન્ટની દરખાસ્ત કરવામાં આવી છે.

# યાત્રાધામોના વિકાસ માટે ૨૮.૬૮ કરોડના કામોને મંજૂરી

## સુપ્રસિધ્ધ હર્ષદ માતાના મંદિરના વિકાસ માટે ૨૦.૦૯ કરોડ મંજૂર : જુનાગઢના ઉપરકોટમાં પણ યાત્રિકો માટે સુવિધાઓ વિકસાવવાસે

રાજકોટ, તા. ૩

રાજ્યના ઐતિહાસિક વારસાને જાળવવા અને યાત્રાધામોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાના મક્કમ નિર્ધાર સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા આજે એક જ દિવસમાં વિવિધ યાત્રાધામ અને પ્રવાસન સ્થળો માટે અંદાજે રૂ. ૨૮.૬૮ કરોડના વિકાસલક્ષી કામોને વહીવટી અને નાણાકીય મંજૂરી આપવામાં આવી છે.

જૂનાગઢના ઐતિહાસિક ઉપરકોટ કિલ્લા ખાતે પ્રવાસીઓની સુવિધામાં વધારો કરતા મજવેડી ગેટ તરફ કમ્પાઉન્ડ વોલ, પાર્કિંગ વ્યવસ્થા અને ટુરિસ્ટ ફેસિલિટી સેન્ટરના પ્રથમ તબક્કા માટે રૂ. ૧.૦૭ કરોડ ના ખર્ચને મંજૂરી અપાઈ છે. અહીં ભવિષ્યમાં પ્રવાસીઓ માટે બે લિફ્ટની સુવિધા પણ ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત, સુપ્રસિધ્ધ હર્ષદ માતાના મંદિરના સર્વગ્રાહી વિકાસ માટે સૌથી મોટી રકમ એટલે કે રૂ. ૨૦.૦૯ કરોડના કામોનો વર્ક ઓર્ડર આપવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે.

ધાર્મિક સ્થાનોની વાત કરીએ તો, મહેસાણાના શંખલપુર સ્થિત શ્રી ટોડા બહુચરાજી માતાજી મંદિર ખાતે પેવર બ્લોક અને સોલાર સિસ્ટમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે રૂ. ૬૦.૬૪ લાખ તેમજ અમરેલીના બગસરા સ્થિત આઈશ્રી ખોડિયાર મંદિર, સુડાવડ ખાતે સત્સંગ હોલ, પાર્કિંગ શેડ અને વોટર વર્ક્સ સહિતના કામો માટે રૂ. ૪૯.૮૦ લાખની મંજૂરી આપવામાં આવી છે. તે ઉપરાંત વલસાડ જિલ્લાના ઘડોઈ ખાતે આવેલા શ્રી ઘાટકેશ્વર મહાદેવ મંદિરના વિકાસ માટે રિવરફ્રન્ટ ઘાટ, લેન્ડસ્કેપિંગ અને ચિલ્ડ્રન પ્લે એરિયા જેવા કામો માટે રૂ. ૧.૮૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

રાજ્યના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને જાળવવાના ભાગરૂપે, પંચમહાલ જિલ્લાના ગોધરામાં મહાત્મા ગાંધી દ્વારા ૧૯૧૭માં સ્થાપિત ઐતિહાસિક ગાંધી આશ્રમના રિનોવેશન માટે રૂ. ૩.૩૬ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ સાથે જ, ડાંગના આદિવાસી સંસ્કૃતિના પ્રતિક સમાન 'ડાંગ દરબાર-૨૦૨૬' ના ભવ્ય આયોજન માટે અત્યારથી જ રૂ. ૧.૨૫ કરોડની રકમ ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ તમામ વિકાસલક્ષી કામો આગામી સમયમાં ગુજરાતના પ્રવાસન નકશાને વધુ સુદ્રઢ બનાવશે અને શ્રદ્ધાળુઓ તેમજ પ્રવાસીઓ માટે સુવિધાઓના નવા દ્વાર ખોલશે.

### ક્રાઈમ બ્રાન્ચનો સપાટોઃ કેશોદના શખ્સની અગાઉ પણ ગુનાઓમાં સંડોવણી

# ૧૪ મોબાઈલ ચોરનાર 'ઈટલી' પકડાયો

## ભીડવાળી જગ્યા, ચાની હોટલો કે મોલ જેવી જગ્યાએ લોકોની નજર ચૂકવીને મોબાઈલ સેરવતો

રાજકોટ,તા.૩

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી બનતા મોબાઈલ ચોરીના બનાવોને ડામવા માટે પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા ખાસ પેટ્રોલિંગ દરમિયાન એક મોટી સફળતા મળી છે. બાતમી મળી હતી કે એક શખ્સ ચોરીના મોબાઈલ ફોન વેચવા માટે શહેરના સીવીલ હોસ્પિટલ ચોક વિસ્તારમાં આંટાફેરા કરી રહ્યો છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે તુરંત વોચ ગોઠવીને શંકાસ્પદ શખ્સને આંતર્યો હતો. તેની તલાશી લેતા તેની પાસેથી એક-બે નહીં પણ અલગ-અલગ કંપનીના કુલ ૧૪ મોબાઈલ ફોન મળી આવ્યા હતા, જે અંગે તે કોઈ સંતોષકારક જવાબ આપી શક્યો નહોતો.

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગરીયા અને નાયબ પોલીસ કમિશનર (ક્રાઈમ) જગદીશ બાંગરવા દ્વારા શહેરમાં બનતા મિલકત સંબંધી ગુનાઓ જેવા કે વાહનચોરી અને મોબાઈલ ચોરી અટકાવવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાના પગલે રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર અને સી.એચ. જાદવની ટીમ સતત કાર્યરત હતી. દરમિયાન, બાતમીના આધારે સીવીલ હોસ્પિટલ ચોક પાસેથી એક શંકાસ્પદ શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો, જેની પાસેથી ચોરીના ૧૪ મોબાઈલ ફોન મળી આવ્યા હતા.

પકડાયેલ આરોપીની ઓળખ વિક્રમ ઉર્ફે ઈટલી મનુભાઈ મકા (ઉંમર ૩૭ વર્ષ, રહે. મેસવાણ ગામ, તા. કેશોદ, જિ. જૂનાગઢ) તરીકે થઈ છે. આરોપી પાસેથી પોલીસે અલગ-અલગ કંપનીના કુલ ૧૪ મોબાઈલ ફોન કબજે કર્યા છે, જેમાં આઈફોન-૬, સેમસંગ, વીવો, ઓપો અને રેડમી નોટ જેવા મોંઘા ફોનનો સમાવેશ થાય છે. આ તમામ મુદ્દામાલની કુલ કિંમત રૂ. ૭૩,૫૦૦/- અંકાય છે. આ ધરપકડ સાથે જ માલવીયાનગર પોલીસ સ્ટેશનના મોબાઈલ ચોરીના બે મહત્વના ગુનાઓ પણ ડિટેક્ટ કરવામાં આવ્યા છે. આરોપી વિક્રમ ઉર્ફે ઈટલી જૂનો અને રીઢો ગુનેગાર છે. તેની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે તે છેલ્લા બે વર્ષથી ચોરીની પ્રવૃત્તિઓમાં સક્રિય હતો. તેણે જેતલસર ખાતે એક ટ્રક ચાલકનો ફોન, કોઠારીયા સોલવન્ટ પાસે આવેલી ખોડીયાર હોટલ પાસેથી સેમસંગનો ફોન અને કાલાવડ રોડ પરથી આઈફોનની ચોરી કરી હોવાની કબૂલાત આપી છે. આરોપીની મોડસ ઓપરેન્ડી મુજબ તે બજાર, ભીડભાડવાળા વિસ્તારો અને ચાની હોટલો કે મોલ જેવી જગ્યાએ લોકોની નજર ચૂકવીને મોબાઈલની ચોરી કરતો હતો. નોંધનીય છે કે આરોપી સામે અગાઉ કેશોદ, ગીર સોમનાથ



(વેરાવળ) અને રાજકોટમાં કુલ ૭ જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે, જેમાં ચોરી અને આર્મ્સ એક્ટ જેવી કલમો હેઠળ કાર્યવાહી થઈ હતી. આ સફળ કામગીરીમાં પીએસઆઈ આર.કે. ગોહિલ, એએસઆઈ રણજીતસિંહ પઢારીયા, વિજયરાજસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ તુલશીભાઈ ચુડાસમા અને પોલીસ કોન્સ્ટેબલ સંજયભાઈ ખાખરીયા સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી. અંતમાં પોલીસે જનતાને અપીલ કરી છે કે ભીડભાડ વાળી જગ્યાએ કિંમતી સામાનનું ધ્યાન રાખવું અને કોઈ પણ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તુરંત ૧૧૨ નંબર પર જાણ કરવા જણાવાયું છે.

### ડિજિટલ ગુજરાતઃ અંતરિયાળ ગામડાંથી ગ્લોબલ હબ સુધીની હરણફાળ

# ડિજિટલ ઈન્ડિયાના વિઝનને સાકાર કરતું ગુજરાત

## રાજ્યમાં ભૂકંપ સામે અર્લી વોર્નિંગ અને સંશોધન માટે કુલ ૧૧૦ સિસ્મિક નેટવર્ક સ્ટેશનોની સ્થાપના

રાજકોટ, તા. ૩

આજના ડિજિટલ યુગમાં વિજ્ઞાન આધારિત વિચારસરણી, નવીનતા અને ટેક્નોલોજી સંચાલિત શાસન પ્રગતિના મુખ્ય સ્તંભ બન્યા છે. આ પરિપ્રેક્ષ્યમાં એ રાજ્યની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બને છે, જ્યાં સંશોધન, IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઇ-ગવર્નન્સના સંકલન દ્વારા નાગરિકોને ઝડપી, પારદર્શક અને કાર્યક્ષમ સેવાઓ પ્રદાન કરવામાં આવે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ડિજિટલ ઇન્ડિયા'ના વિઝનને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત આજે ડિજિટલ ઈકોસિસ્ટમ તરફ આગળ વધી રહ્યું છે.

સાયન્સ અને ટેક્નોલોજી મંત્રી અર્જુનભાઇ મોઢવાડીયાના માર્ગદર્શનમાં ગુજરાત ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે આગવું સ્થાન મેળવવા માટે આગળ વધી રહ્યું છે. ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી IT/ITeS નીતિ ૨૦૧૬-૨૧ તથા ૨૦૨૨-૨૭ રાજ્યને વિશ્વસ્તરીય આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નવીનતા અને ઉભરતી ટેક્નોલોજીનું અગ્રણી હબ બનાવવા માટેનું દ્રઢ પગલું છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ રૂ. ૨૦૦ કરોડથી વધુ રકમની સહાય આઇ.ટી ઔદ્યોગિક એકમોને ચૂકવવામાં આવી છે.




ડીપ ટેક, એઆઈ, ડેટા સેન્ટર અને સ્ટાર્ટઅપ માટેની વિશેષ જોગવાઈઓ સાથે આ નીતિ રાજ્યને ભવિષ્યની ટેક્નોલોજી માટે વૈશ્વિક ગંતવ્ય બનાવવાની દિશામાં આગળ ધપાવે છે. વર્ષ ૨૦૨૫માં જાહેર થયેલી ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ પોલિસી દ્વારા વૈશ્વિક કંપનીઓના ઉચ્ચ મૂલ્યવાળા GCCને આકર્ષવા માટે અનુકૂળ ઈકોસિસ્ટમ તૈયાર કરવામાં આવી રહી છે.

ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મજબૂત પાયામાં Gujarat Fiber Grid Network Limited મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. SPV મોડલ હેઠળ રાજ્યએ છેલ્લા ત્રણ વર્ષથી કાર્યરત ગ્રામપંચાયતો બાબતે ૧૦૦ ટકા કનેક્ટિવિટી અને નેટવર્ક અપટાઇમ બાબતે ૯૫ ટકા સાથે પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. ભારતનેટ ફેઝ-૨ અંતર્ગત ૧૦૦ ખબાત ઝડપ સાથે ડિજિટલ સેવા સેતુ અંતર્ગત ૩૨૧ જેટલી ડિજિટલ સેવાઓ ગામડાઓ સુધી પહોંચાડવામાં આવી રહી છે, જેના લાભ થકી અંદાજે ૯ હજાર જેટલી પ્રાથમિક શાળાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પોલીસ મથકો ડિજિટલ રીતે સક્ષમ બન્યા છે.

ગ્રામીણ સ્તરે ઈન્ટરનેટ સુલભ બનાવવા માટે Gujarat Internet Service Provider Limited દ્વારા ''ગ્રામ્ય વાઈફાઈ પ્રોજેક્ટ'' અમલમાં મૂકવામાં આવ્યો છે. ભારતનેટ ફેઝ-૨ હેઠળનાં ૨૨ જિલ્લાઓના ૭૬૮૫થી વધુ ગ્રામ પંચાયત કચેરીઓમાં વાઇ-ફાઇ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જે અંતર્ગત ગામડાનાં નાગરિકો દરરોજ ૬૦ મિનિટ નિઃશુલ્ક ઈન્ટરનેટની સુવિધાનો લાભ લઇ રહ્યા છે. આ પહેલ ગ્રામીણ નાગરિકોને ડિજિટલ સેવાઓ સાથે સીધી રીતે જોડે છે. વધુમાં, દેશની પ્રથમ ભૂકંપ સંશોધન અને સલામતી ક્ષેત્રે Institute of Seismological Research ગાંધીનગર ખાતે અગ્રણી સંસ્થા તરીકે કાર્યરત છે. ISR ખાતે તાજેતરમાં ભૂકંપ સામે અર્લી વોર્નિંગ અને સંશોધન માટે 'એડવાન્સિસ ઇન અર્થક્વેક સાયન્સ - ૨૦૨૬' વિષય પર વૈશ્વિક પરિષદ યોજાઇ હતી. ગુજરાત રાજ્ય સિસ્મિક નેટવર્કની સ્થાપના અંતર્ગત વર્ષ ૨૦૦૧માં રાજ્યમાં એક ઓનલાઇન સિસ્મિક સ્ટેશન કાર્યરત હતું. હાલમાં કુલ ૧૧૦ સિસ્મિક નેટવર્ક સ્ટેશનોની સ્થાપનાથી ભૂકંપની માહિતી મિનિટોમાં પ્રાપ્ત થવા લાગી છે. ગાંધીનગર, અમદાવાદ, અંજાર, ગાંધીધામ, ધોલેરા અને ગિફ્ટ સિટી-ગાંધીનગર જેવા શહેરો માટે સિસ્મિક માઇક્રોઝોનેશન અભ્યાસ પૂર્ણ થયા છે. આ સંસ્થા એ કેન્દ્ર સરકારના અર્થ સાયન્સ મંત્રાલય દ્વારા સોંપાયેલા પ્રોજેક્ટ અંતર્ગત અમૃતસર, આગ્રા,મેરઠ, લખનૌ, વારાણસી, કાનપુર, પટના અને ધનબાદ જેવા દેશના આઠ મુખ્ય શહેરો માટે માઇક્રોઝોનેશન અભ્યાસ પૂર્ણ કર્યા છે.

ISR થકી વૈજ્ઞાનિક સંશોધન દ્વારા લોથલ સંસ્કૃતિ અંગેના સંશોધનથી સમુદ્રસ્તર પરિવર્તનના ઐતિહાસિક પ્રભાવ અંગે મહત્વપૂર્ન તારણો પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત સરદાર સરોવર પ્રોજેક્ટ અને અન્ય વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે ભૂકંપ જોખમ મૂલ્યાંકન કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. ISR દ્વારા ખનિજ સંપત્તિ સર્વેક્ષણ, ભુગર્ભ જળની શોધ માટે ભુભૌતિક તપાસ હાથ ધરવામાં આવી છે. રાજ્યમાં ડેમ સેફ્ટી પેનલ દ્વારા ૩૦ મોટા ડેમોનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે, જ્યારે ૭ ડેમો પર ભૂકંપ માપક સાધનો સ્થાપિત કરવામાં આવ્યા છે.આ સમગ્ર માળખાનું મુખ્ય વિઝન 'ડિજિટલ ગુજરાત'નું નિર્માણ કરી પારદર્શક, કાર્યક્ષમ અને નાગરિક કેન્દ્રિત સેવા સુનિશ્ચિત કરવાનું છે. આમ, રાજ્ય સરકારની સંકલિત નીતિઓ અને મજબૂત અમલીકરણ દ્વારા 'ડિજિટલ ગુજરાત'નું અભૂતપૂર્વ નિર્માણ થઇ રહ્યું છે.

# મનપા ચુંટણીમાં ઉમેદવાર પસંદગી માટે કોંગ્રેસ સજ્જ

## કાલથી બે દિવસ યોજાશે સેન્સ : કોંગ્રેસના પ્રભારીઓ જેનીબેન ઠુંમર તથા માનસિંગભાઇ ડોડીયા આવશે રાજકોટ



રાજકોટ, તા. ૩

કોંગ્રેસ જિલ્લા પંચાયતની ચૂંટણી માટે ઠીક પરંતુ મહાનગરપાલિકાની ચૂંટણીમાં તમામ જરૂરી પ્રક્રિયાઓ હાથ ધરવાની શરૂ કરી દીધી છે એક તરફ જન સંપર્ક કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે તો બીજી તરફ આવનારા દિવસમાં સેન્સ પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે. આ સંશ પ્રક્રિયા એ તમામ આગેવાનો માટેની છે કે જેવો મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં ભાગ લેવા ઇચ્છતા હોય. ત્યારે અત્યારથી જ તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. હાલ કોંગ્રેસ પક્ષ દ્વારા લેવામાં આવેલા પગલાંઓ કેટલા અસરકારક પુરવાર થશે તે હવે જોવાનું રહ્યું પરંતુ જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર ભાજપ સમક્ષ હાલ તમામ જરૂરી પગલાઓ લેવા માટે કોંગ્રેસ સજ્જ બન્યું છે. રાજકોટ કોર્પોરેશનની વર્તમાન બોર્ડની મુદત પૂર્ણ થવાના આડે એક સપ્તાહનો સમય બાકી છે અને ચૂંટણી ક્યારે જાહેર થશે તે વિશે અટકળો પ્રવર્તી રહી છે. તેવા સમયે કોંગ્રેસ દ્વારા નગારે ઘા કરવામાં આવ્યો હોય તેમ હોળાષ્ટક ઉતરતાની સાથે જ ગુરૂવારથી ઉમેદવાર પસંદગી માટે સેન્સ લેવામાં આવશે. બંને પ્રભારી દાવેદારોને રૂબરૂ સાંભળશે અને ત્યારબાદ આખરી પસંદગી પ્રક્રિયા પ્રદેશ સ્તરે કરવામાં આવશે. રાજકોટમાં આજે શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદિપસિંહ જાડેજા તથા તમામ આગેવાનોની હાજરીમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં તેઓએ જણાવ્યું હતું કે આગામી બે માસમાં નવી ચૂંટણી થાય તે નક્કી છે.

આ હકીકતને ધ્યાનમાં રાખીને ઉમેદવાર પસંદગી પ્રક્રિયા શરુ કરવામાં આવી છે.

તા.૫ અને ૬ માર્ચ અર્થાત ગુરુ અને શુક્રવારે કોંગ્રેસના પ્રભારીઓ જેનીબેન ઠુંમર તથા માનસિંગભાઇ ડોડીયા રાજકોટ આવશે અને ચૂંટણી લડવા ઇચ્છતા દાવેદારોને રૂબરૂ સાંભળી સેન્સ પ્રક્રિયા હાથ ધરશે. આ માટેનો વિગતવાર કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. તા.૫મીએ સવારે ૯-૩૦થી બપોરે ૧-૩૦ સુધી એક થી ચાર વોર્ડ તથા બપોરે ૩ થી રાત્રે ૮ દરમ્યાન ૫ થી ૯ નંબરના વોર્ડના દાવેદારોને સાંભળવામાં આવશે. આ જ રીતે વોર્ડ નં.૧૦ થી ૧૮ની સેન્સ પ્રક્રિયા, તા.૬ને શુક્રવારે યોજવામાં આવશે.

પ્રભારીઓની હાજરીમાં સેન્સ પ્રક્રિયા યોજાયા બાદ તેમના દ્વારા પોલીટીકલ અફેર કમીટીને રીપોર્ટ કરવામાં આવશે તેના દ્વારા પ્રદેશ નેતાગીરીને મોકલાશે અને તેના આધારે અંતિમ ઉમેદવાર યાદી નકકી કરવામાં આવશે.

તેઓએ ઉમેર્યુ કે કોંગ્રેસ લોકોના પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને ચૂંટણી લડશે. પાણી, સફાઇ, રસ્તા, ટ્રાફિક, પાર્કિંગ જેવા મુદ્દાઓ મુખ્ય હશે. આ સળગતી સમસ્યાઓ પર જનજાગૃતિ કેળવવા માટે આવતા દિવસોમાં પાર્ટી દ્વારા પોલ ખોલ કાર્યક્રમો પણ યોજવામાં આવશે. પાર્ટી એ કોંગ્રેસ આપકે દ્વાર નામનો કાર્યક્રમ યોજીને તમામ વોર્ડના લોકો સાથે સીધો સંવાદ કર્યો હતો અને લોકોની સમસ્યાઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. લોકોએ પોતાની વેદના રજુ કરી હતી.

ભાજપના શાસનમાં નાના-નાના કામો પણ સમયસર થતા નથી અને મુળભૂત સુવિધાઓ મેળવવા પણ લોકોએ આંદોલન કરવા પડે છે. ભાજપ શાસન સામે લોકોમાં તિવ્ર નારાજગી છે અને કોંગ્રેસ લોકોની વચ્ચે રહીને જનજાગૃતિ ઉભી કરશે. આ સિવાય ભ્રષ્ટાચારનો મુદ્દો પણ મહત્વનો બનશે અને તે મામલો પણ લોકો વચ્ચે રજૂ કરવામાં આવશે. પત્રકાર પરિષદમાં શહેર પ્રમુખ રાજદિપસિંહ જાડેજા, વિપક્ષી નેતા વશરામ સાગઠીયા, મહેશ રાજપૂત, ડો. હેમાંગ વસાવડા, જસવંતસિંહ ભટ્ટી, નિદત બારોટ, ડી.પી. મકવાણા, ગોપાલ અનડકટ, દિપ્તીબેન સોલંકી, ભાગ્યરાજ વાળા, બ્રિજરાજસિંહ રાણા, રાહુલભાઇ સોલંકી, રમેશભાઇ ડૈયા, ભાર્ગવ પઢિયાર, યુનુસ જુણેજા, જીજ્ઞેશ વાગડીયા સહિતના આગેવાનો હાજર હતા.

# ફેબ્રુઆરીમાં સરકારને સ્ટેમ્પ ડ્યુટી પેટે ૭૦ કરોડની આવક

## ૧૩,૦૦૦ થી વધુ મિલકતોના દસ્તાવેજ : મોરબી રોડ હોટ પોકેટ, ૧૬૬૩ મિલકતો વેચાઈ




રાજકોટ, તા. ૩

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની આવકમાં ઉતરોતર વધારો થઈ રહ્યો છે જેની પાછળનું કારણ એ છે કે ઔદ્યોગિક સ્થિતિમાં હાલ સ્થિરતા આવી છે. એટલું જ નહીં રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં પણ હાલ તેજી જોવા મળી રહી છે. ત્યારે ફેબ્રુઆરી મહિનાની વાત કરવામાં આવે તો આ દરમિયાન રાજકોટ શહેર અને જિલ્લામાં ૧૩૦૦૦ મિલકતોનું વેચાણ થયું અને તેના દસ્તાવેજો પણ થયા છે પરિણામ સ્વરૂપે સરકારને સ્ટેમ્પ ડ્યુટી પેટે ૭૦ કરોડની આવક થઈ છે. જાન્યુઆરી મહિનાની સરખામણી કરવામાં આવે તો દસ્તાવેજો ઓછા નોંધાયા છે .

રાજકોટ શહેર-જિલ્લામાં જમીનના ભાવ આસમાનને આંબી ગયા છે તેમજ નવા જંત્રીદર લાગુ કરવા માટે સરકાર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. તેમ છતા રાજકોટ જિલ્લામાં ફેબ્રુઆરી ૨૦૨૬માં ૧૩૦૧૧ મિલ્કતોનું વેચાણ થયું છે જોકે ફેબ્રુ ૨૦૨૬માં મિલ્કતોના વેચાણમાં સામાન્ય ઘટાડો થયો છે.

ગત માસ દરમિયાન શહેરના મોરબી રોડ વિસ્તારમાં સૌથી વધુ ૧૬૬૩ મિલ્કતોનું વેચાણ થવા પામેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે મિલ્કતોના ખરીદ વેચાણમાં મોરબી રોડ વિસ્તાર એવરગ્રીન રહેવા પામેલ છે. આવી જ રીતે મવડી વિસ્તારમાં ૧૨૭૬ મિલ્કતોના સોદા પડયા છે. જયારે રૈયા (રાજકોટ-૪) વિસ્તારમાં ૯૦૪ અને રાજકોટ-૧માં ૮૪૭ અને રતનપર (રાજકોટ-૩) વિસ્તારમાં ૧૦૨૭ મિલ્કતોનું વેચાણ થવા પામેલ છે.

આ ઉપરાંત મવા વિસ્તારમાં ૮૬૪ મિલ્કતોનું વેચાણ થતા તેના દસ્તાવેજોનું રજિસ્ટ્રેશન સબ રજિસ્ટ્રાર કચેરીમાં થવા પામેલ છે.

રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની વાત કરીએ તો જેતપુર તાલુકામાં ૬૨૮, જસદણ તાલુકામાં ૩૮૭, વિંછીયા તાલુકા વિસ્તારમાં માત્ર ૯૪, જામકંડોરણા તાલુકામાં ૧૧૭, ગોંડલ તાલુકામાં ૧૧૮૪, કોટડાસાંગાણી તાલુકામાં ૫૪૪ ધોરાજી તાલુકામાં ૨૯૫, લોધીકા તાલુકામાં ૭૯૮, પડધરી તાલુકામાં ૨૧૩ અને ઉપલેટા તાલુકામાં ૪૩૫ મિલ્કતોનું વેચાણ થતા તેના દસ્તાવેજોનું જિલ્લાની સબ રજિસ્ટ્રાર કચેરીમાં થવા પામેલ છે.

આગામી દિવસોમાં હજુ પણ દસ્તાવેજનું પ્રમાણ વધશે તેવું જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે એટલું જ નહીં દર વખતની જેમ આ વખત તે પણ મોરબી રોડ પર મિલકત વેચાણનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે અને હાલ રીયલ એસ્ટેટ માટે મોરબી રોડ અત્યારે હોટ પોકેટ તરીકે પણ ઉભરી આવ્યો છે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ આગામી દિવસોમાં હજુ પણ મોરબી રોડની ડિમાન્ડ યથાવત જોવા મળશે. બીજી તરફ સરકાર દ્વારા માળખાગત સુવિધાઓને વધુ વિકસિત કરવા માટેના તમામ જરૂરી પગલાંઓને પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે જે વાતની ગંભીરતાને ધ્યાને લઈને જ હાલ રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં તેજી જોવા મળી રહી છે.



### રીક્ષામાં સ્વાર ત્રણ લોકોના મોત, એક ગંભીર : ટ્રક ચાલકની શોધખોળ

# મેટોડા GIDC નજીક રીક્ષા-ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત

રાજકોટ,તા.૩

ધૂળેટી પૂર્વે રાજકોટ શહેરમાં ગમખ્વાર અકસ્માત સર્જાયો જેમાં ઘટના સ્થળે ત્રણ લોકોના મોત નિપજ્યા છે અને એક વ્યક્તિ ગંભીરરૂપથી ઘાયલ થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ મેટોડા જીઆઈડીસી ગેઈટ નં.૩ યુનિવર્સલ ટેકનોકાસ્ટ પાસે ઓટો રીક્ષા અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ વ્યકિતના મોત નિપજ્યાનું માલુમ પડયું છે. ઘટનાની જાણ થતાં જ રાજકોટ એ.એસ.પી. વિજયસિંહ ગુર્જર તથા ડીવાયએસપી કે.જે. ઝાલા તેમજ મેટોડા જીઆઈડીસી પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. હાથ ટ્રકને જપ્ત કરી ડ્રાઈવરની શોધખોળ ચાલુ કરવામાં આવી છે.

ડીવાયએસપી કે.જે.ઝાલાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, મેટોડા જીઆઈડીસીના ગેઈટ નં.૩ નજીક રાત્રીનાં સાડા નવ કલાકે ટ્રક અને ઓટો રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ઓટો રીક્ષામાં સ્વાર ચાર મુસાફરોમાંથી ત્રણનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું જ્યારે એક ગંભીર રીતે ઘાયલ થયો હોવાથી તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. હાલ મેટોડા પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી દેવાય છે. મળતી માહિતી મુજબ ઘટના કેવી રીતે ઘટી ? સહિત અનેક મુદ્દે તપાસ રૂરલ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે. હાલ રિક્ષા ચાલક કયાં જઈ રહ્યાં હતાં અને ટ્રક ચાલક કયાં જતો હતો ? તે તમામ માહિતી અંગે હાલ પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ છે. ત્યારે ધુળેટીનાં આગલા દિવસે જ ત્રણ લોકોના મોત થતાં અરેરાટી વ્યાપી ઉઠી છે.

# પાણી પુરવઠા - સાફ સફાઈના પ્રશ્નથી વોર્ડ-૮ના લોકો ત્રસ્ત

## કોંગ્રેસના જન સંપર્ક કાર્યક્રમમાં સ્થાનિક લોકોએ ઠાલવી વ્યથા : નવી રણનીતિ સાથે કોંગ્રેસ સાધી રહી છે લોકોનો સંપર્ક



રાજકોટ, તા. ૩

જેમ જેમ મહાનગરપાલિકાની ચૂંટણીઓ નજીક આવી રહી છે તેમ તેમ દરેક રાજકીય પક્ષ પોતાની એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે કોંગ્રેસે પણ જન સંપર્ક કાર્યક્રમો વધુ તેજ કર્યા છે અને હાલ તેમના દ્વારા વોર્ડ નંબર આઠમાં જન સંપર્ક સાધવામાં આવ્યો હતો જેમાં સ્થાનિક લોકો દ્વારા અનેકવિધ પ્રશ્ન ઉદભવિત થતા હોવાની ફરિયાદો પણ કરી હતી. શહેર કોંગ્રેસના આગેવાનો દ્વારા વોર્ડ નંબર ૮ ના વિવિધ વિસ્તારોમાં તેઓ ફર્યા હતા અને લોકો સાથે સંવાદ સાધી તેમની રજૂઆતોને સાંભળી હતી. આ વોર્ડના રહેવાસીઓએ પીવાના પાણીનો પ્રશ્ન અત્યંત વિકટ થતો હોવાનું જણાવ્યું હતું. સાથો સાથ ગંદકી અંગે પણ ફરિયાદો કરવામાં આવી હતી.

રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા લોકો સાથે સીધો સંપર્ક મજબૂત કરવા અને નાગરિકોના પ્રશ્નોને નજીકથી સમજવા કોંગ્રેસ આપને દ્વાર - જનતાની વેદના કાર્યક્રમ અંતર્ગત વોર્ડ નં. ૮માં જનસંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. શહેર કોંગ્રેસના આગેવાનો દ્વારા વિસ્તારમાં ફરી નાગરિકો સાથે સંવાદ સાધી તેમની રજૂઆતો સાંભળવામાં આવી હતી.

આ કાર્યક્રમ દરમિયાન વોર્ડ નં. ૮ ના વિવિધ સ્થાનિક પ્રશ્નોને રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા આવરી લેવામાં આવ્યા હતા. ખાસ કરીને વિસ્તારમાં શુદ્ધ પીવાના પાણીની અછત અંગે લોકોએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો. નાગરિકોએ જણાવ્યું હતું કે, ઘણા વિસ્તારોમાં નિયમિત રીતે સ્વચ્છ પીવાનું પાણી મળતું નથી અને મહિનામાં ગમે ત્યારે પાણી પુરવઠો બંધ થઈ જવાથી લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

ઉપરાંત દુકાનદારો દ્વારા પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા ન હોવાની અને વાહનો ટોઇંગ થવાથી થતી આર્થિક-માનસિક તકલીફોની રજૂઆત કરવામાં આવી હતી. વિસ્તારમાં ગંદકી અને અપૂરતી સફાઈ અંગે પણ અસંતોષ વ્યક્ત થયો હતો. આ પ્રસંગે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે, ‘‘આ દેશમાં સૌથી મોટી શક્તિ પ્રજાના મતાધિકારમાં વસે છે. મતાધિકાર માત્ર મતદાનનો દિવસ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે સત્તાધીશોને જવાબદાર બનાવવાની શક્તિ છે.

જ્યારે સામાન્ય માણસના નાના-મોટા કામો અટવાઈ જાય, લોકો પોતાની જ સમસ્યાઓ માટે ભટકતા રહે અને તેમની ફરિયાદો સાંભળવાનો સતાધીશો પાસે સમય ના હોય ત્યારે પ્રજા એ સમજવાનો સમય આવી જાય છે કે સત્તામાં બેઠેલા લોકોને જવાબ આપવો પડશે. આ અંગે જે વિગતો મળી રહી છે તે મુજબ એ વાત સ્પષ્ટ છે કે આવનારા દિવસોમાં કોંગ્રેસ દ્વારા વિવિધ બાકી રહેતા વોર્ડમાં જન સંપર્ક સાધવામાં આવશે. અને પ્રજા પ્રશ્નોનું તાકીદે નિવારણ થાય તે દિશામાં પગલાં પણ લેવાશે.

હાલ ઘણા ખરા વોર્ડમાં પાયાના ઘણા પ્રશ્નો હાલ લોકોને સતાવી રહ્યા છે ત્યારે પ્રવર્તમાન બોડી દ્વારા કોઈ નક્કર કામગીરી થઈ ન હોવાનું પણ માલુમ પડ્યું હતું. હાલ આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઇ કોંગ્રેસ પક્ષ લોકોમાં ભરોસો સ્થાપિત કરવા માટેના તમામ જરૂરી પગલાઓ લઈ રહ્યું છે ત્યારે જોવાનું એ રહ્યું કે શું પ્રજા કોંગ્રેસની વાત ઉપર ભરોસો મૂકે છે કે કેમ ? બીજી તરફ પ્રદેશ કોંગ્રેસ દ્વારા પણ ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે જે મુજબ હાલ આવનારી ચૂંટણીમાં કોંગ્રેસ પોતાની હરણનીતિ તૈયાર કરશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ઉગતા ડામજો

## ભગવતી પરાની ઘટના સામાન્ય શ્રેણીની ન ગણાય,ગંભીરતા દાખવજો



રાજકોટના ભગવતી પરા વિસ્તારમાં હોળીના પવિત્ર તહેવાર પ્રસંગે બનેલી હિંસક ઘટનાએ સમગ્ર શહેરમાં ચર્ચા જગાવી છે. આ ઘટનાને માત્ર સામાન્ય જૂથ અથડામણ કે અસામાજિક તત્વોની અડપલાબાજી ગણીને નજરઅંદાજ કરી શકાય તેમ નથી. જ્યારે પવિત્ર ઉત્સવની ઉજવણી થતી હોય, ત્યારે લઘુમતી અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવેલી ધમાલ પાછળ ઊંડો હેતુ અને કાયદો-વ્યવસ્થાને પડકારવાની વૃત્તિ સ્પષ્ટ દેખાય છે.

શહેરમાં શાંતિ જાળવવાની જવાબદારી તંત્રની છે, પરંતુ ભગવતી પરાની આ ઘટના સાબિત કરે છે કે હવે ગુનેગારોના મનમાં પોલીસ કે વહીવટી તંત્રની કોઈ ધાક રહી નથી. જાહેરમાં જે રીતે ખુલ્લી દાદાગીરી કરવામાં આવી, તેનાથી સામાન્ય નાગરિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. અસામાજિક તત્વોને જાણે છૂટો દોર મળી ગયો હોય તેમ તેઓ નિર્ભય બનીને કાયદો હાથમાં લઈ રહ્યા છે. જો તંત્ર અત્યારે જ કડક હાથે કામ નહીં લે, તો ભવિષ્યમાં આવી ઘટનાઓ સામાન્ય બની જશે.

ખાસ કરીને અત્યારે જ્યારે ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે, ત્યારે શાસક પક્ષ ભાજપ માટે પણ આ એક મોટો પડકાર છે. રાજકોટમાં વિચારધારાથી વિપરીત સ્થિતિ બની ગઇ છે.સુરક્ષા અને શાંતિના મુદ્દે મતો માંગતી સરકાર માટે પોતાના જ ગઢમાં આવી અશાંતિ સર્જાય તે ગંભીર બાબત છે. લઘુમતી અને પરપ્રાંતીય અસામાજિક તત્વો પર જો તત્કાલ કાબૂ મેળવવામાં નહીં આવે, તો તેની સીધી આડઅસર મતદારોના માનસ પર પડી શકે છે. સામાન્ય જનતા સુરક્ષાના મુદ્દે અત્યંત સંવેદનશીલ હોય છે.

પરપ્રાંતીય અને લઘુમતી વિસ્તારોમાં વધતી જતી ગુનાખોરી અને દાદાગીરીને જો 'ઉગતા જ ડામવામાં' નહીં આવે, તો આગામી દિવસોમાં આ સમસ્યા વકરે તેવી પૂરેપૂરી શક્યતા છે. સરકાર અને પોલીસ પ્રશાસને રાજકીય ગણતરીઓ બાજુ પર મૂકીને કડક કાર્યવાહી કરવાની જરૂર છે. લોકશાહીમાં સુરક્ષિત વાતાવરણ એ નાગરિકનો અધિકાર છે અને તે જાળવવામાં નિષ્ફળતા ચૂંટણીના પરિણામો પર પણ અસર કરી શકે છે. ભગવતી પરાની આ ઘટના તંત્ર માટે લાલબત્તી સમાન છે.

# ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનીના મૃત્યુ પર સોનિયા ગાંધીનો લેખ

## સરકારનું મૌન ચિંતાજનક : સોનિયા ગાંધીએ લખ્યું ઈરાન સામે એકપક્ષીય લશ્કરી કાર્યવાહી પર સરકારનું મૌન સિદ્ધાંતોથી પીછેહઠ સમાન

નવીદિલ્હી, તા. ૩

૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઇઝરાયલે ઈરાન સામે સંયુક્ત લશ્કરી કાર્યવાહી શરૂ કરી હતી. ૧ માર્ચે, ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ સૈયદ અલી હુસૈની ખામેનીની શ્રેણીબદ્ધ હુમલાઓમાં હત્યા કરવામાં આવી હતી. ખામેનીની હત્યાથી બંને પક્ષો વચ્ચે દુશ્મનાવટ વધી ગઈ છે. મધ્ય પૂર્વમાં પરિસ્થિતિ ભયાનક છે, સંઘર્ષ હજુ પણ ચાલુ છે. દરમિયાન, ભારતમાં, ભૂતપૂર્વ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ ઈરાન પરના સંયુક્ત હુમલા અને ભારત સરકારના મૌનની ટીકા કરતા કહ્યું હતું કે ઈરાન સામે એકપક્ષીય લશ્કરી કાર્યવાહી પર સરકારનું મૌન સિદ્ધાંતોથી પીછેહઠ સમાન છે. ૧ માર્ચે, ઈરાને પુષ્ટિ આપી હતી કે તેના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ સૈયદ અલી હુસૈની ખામેનીની અમેરિકા અને ઇઝરાયલ દ્વારા લક્ષ્યાંકિત હુમલામાં ગયા દિવસે હત્યા કરવામાં આવી હતી. બંને પક્ષો વચ્ચે ચાલી રહેલી વાટાઘાટો દરમિયાન એક વર્તમાન વડાની હત્યા વર્તમાન આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નોંધપાત્ર તિરાડને ઉજાગર કરે છે. છતાં, આ ઘટનાના આઘાત ઉપરાંત, નવી દિલ્હીનું મૌન પણ એટલું જ આશ્ચર્યજનક છે.

કેન્દ્ર સરકારના મૌન પર નિશાન સાધતા, તેણી આગળ લખે છે, ''ભારત સરકારે હત્યા અથવા ઈરાની સાર્વભૌમત્વના ઉલ્લંઘનની નિંદા કરવાનું ટાળ્યું છે. શરૂઆતમાં, મોટાભાગે યુએસ-ઇઝરાયલી હુમલાને અવગણીને, વડા પ્રધાને યુએઈ પર ઈરાનના બદલો લેવાના હુમલાની નિંદા કરવા સુધી પોતાને મર્યાદિત રાખ્યા, અને તે પહેલાની ઘટનાઓ વિશે કંઈ કહ્યું નહીં. બાદમાં, તેમણે પોતાની ઊંડી ચિંતા વ્યક્ત કરી અને સંવાદ અને રાજદ્વારી કાર્યવાહીનો પણ ઉલ્લેખ કર્યો - જે યુએસ અને ઇઝરાયલ દ્વારા મોટા, ઉશ્કેરણી વિનાના હુમલાઓ પહેલાં ચાલી રહી હતી.



જ્યારે આપણો દેશ વિદેશી નેતાની લક્ષિત હત્યા પછી સાર્વભૌમત્વ અથવા આંતરરાષ્ટ્રીય કાયદાનો કોઈ ઉલ્લેખ કરતો નથી, અને નિષ્પક્ષતા છોડી દેવામાં આવે છે, ત્યારે તે આપણી વિદેશ નીતિની દિશા અને વિશ્વસનીયતા વિશે ગંભીર શંકાઓ ઉભી કરે છે.'' કેન્દ્ર સરકારના મૌનની ટીકા કરતા, સોનિયા ગાંધીએ કહ્યું, ''આ કિસ્સામાં, મૌન તટસ્થ નથી. આ હત્યા યુદ્ધની ઔપચારિક ઘોષણા વિના અને ચાલુ રાજદ્વારી પ્રયાસો વચ્ચે થઈ છે.'' સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરની કલમ ૨(૪) કોઈપણ રાજ્યની પ્રાદેશિક સાર્વભૌમત્વ અથવા રાજકીય સ્વતંત્રતા સામે ધમકી અથવા બળનો ઉપયોગ પ્રતિબંધિત કરે છે. રાજ્યના વર્તમાન વડાની લક્ષિત હત્યા આ સિદ્ધાંતોની સંપૂર્ણપણે વિરુદ્ધ છે. જો વિશ્વના સૌથી મોટા લોકશાહી દ્વારા સૈદ્ધાંતિક વાંધો લીધા વિના આવા પગલાં લેવામાં આવે છે, તો આંતરરાષ્ટ્રીય સિદ્ધાંતોનું ધોવાણ સામાન્ય બની જાય છે.

વડા પ્રધાનની ઇઝરાયલ મુલાકાત પછી થયેલા હુમલાના સમય પર પ્રશ્ન ઉઠાવતા સોનિયાએ કહ્યું, ''આ સમય ચિંતામાં વધારો કરે છે. ખામેનીની હત્યાના લગભગ ૪૮ કલાક પહેલા, વડા પ્રધાન ઇઝરાયલની મુલાકાતથી પાછા ફર્યા હતા, જ્યાં તેમણે બેન્જામિન નેતન્યાહૂની સરકારને પોતાનો ટેકો પુનરાવર્તિત કર્યો હતો. ગાઝામાં થયેલા સંઘર્ષમાં ઘણી સ્ત્રીઓ અને બાળકો સહિત મોટી સંખ્યામાં નાગરિકોના મોત થયા છે, અને આ લોહિયાળ સંઘર્ષ પર વિશ્વભરમાં નોંધપાત્ર ગુસ્સો છે.''

''એવા સમયે જ્યારે ગ્લોબલ સાઉથના મોટાભાગના દેશો, તેમજ મુખ્ય શક્તિઓ અને રશિયા અને ચીન જેવા ભારતના બ્રિક્સ ભાગીદારોએ અંતર જાળવી રાખ્યું છે, ત્યારે ભારતનો ઉચ્ચ-પ્રોફાઇલ રાજકીય ટેકો, કોઈપણ નૈતિક શુદ્ધતા વિના, સ્પષ્ટ અને ચિંતાજનક પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરે છે. આ ઘટનાના પરિણામો ભૂરાજનીતિથી ઘણા આગળ વધે છે. આ દુઃખદ ઘટનાની અસર સમગ્ર ખંડમાં અનુભવાઈ રહી છે. અને આ બધા મુદ્દાઓ પર ભારતનું વલણ મૌન સમર્થન સૂચવે છે.''

# પીએમ મોદીની વધુ એક સિદ્ધિ

## યુટ્યુબ પર ૩ કરોડથી વધુ સબ્સ્ક્રાઇબર્સ થતા બન્યા વિશ્વના પ્રથમ નેતા

નવીદિલ્હી, તા. ૩

મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી યુટ્યુબ પર ૩૦ મિલિયનથી વધુ સબ્સ્ક્રાઇબર્સ સુધી પહોંચનારા પ્રથમ વિશ્વ નેતા અને રાજકારણી બન્યા. રેન્કિંગ મુજબ, તેઓ આ શ્રેણીમાં અન્ય લોકો કરતાં નોંધપાત્ર રીતે આગળ છે. બ્રાઝિલના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારો, રેન્કિંગમાં બીજા ક્રમે, પીએમ મોદીના સબ્સ્ક્રાઇબર બેઝના માત્ર એક ચતુર્થાંશ છે. તેમની સબ્સ્ક્રાઇબર સંખ્યા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કરતા સાત ગણી વધારે છે. આ સ્પષ્ટપણે વિશ્વભરમાં તેમના ડિજિટલ આઉટરીચ અને જોડાણનું પ્રમાણ દર્શાવે છે. આ સિદ્ધિ પીએમ મોદીએ વધુ એક સીમાચિહ્ન હાંસલ કર્યાના થોડા દિવસો પછી આવી છેઃ તેઓ તાજેતરમાં ઇન્સ્ટાગ્રામ પર ૧૦૦ મિલિયનથી વધુ ફોલોઅર્સ ધરાવતા પ્રથમ વિશ્વ નેતા અને રાજકારણી બન્યા છે.

૨૦૧૪ માં ઇન્સ્ટાગ્રામમાં જોડાયેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ફોલોઅર્સ યુએસ પ્રમુખ




ડોનાલ્ડ ટ્રમ્પ કરતા બમણાથી વધુ છે.

આગામી પાંચ વિશ્વ નેતાઓના સંયુક્ત ફોલોઅર્સ સંખ્યા પીએમ મોદીના એકલ ફોલોઅર ગણતરી કરતા ઓછી છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ૪૩.૨ મિલિયન ફોલોઅર્સ છે, જ્યારે ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોના ૧૫ મિલિયન ફોલોઅર્સ છે. દરમિયાન, બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા લુલાના ૧૪.૪ મિલિયન ફોલોઅર્સ છે, તુર્કીના રાષ્ટ્રપતિ એર્દોગનના ૧૧.૬ મિલિયન ફોલોઅર્સ છે અને આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જાવિઅર મેલીના ૬.૪ મિલિયન ફોલોઅર્સ છે. ભારતમાં, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આશરે ૧૬.૧ મિલિયન ફોલોઅર્સ સાથે ઇન્સ્ટાગ્રામ પર બીજા ક્રમે છે. રાહુલ ગાંધી આશરે ૧૨.૬ મિલિયન ફોલોઅર્સ સાથે બીજા ક્રમે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ યુટ્યુબ પર ૩૦ મિલિયન સબ્સ્ક્રાઇબર્સ અને ઇન્સ્ટાગ્રામ પર ૧૦૦ મિલિયન ફોલોઅર્સનો રેકોર્ડ બનાવીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. તેઓ આ સિદ્ધિઓ હાંસલ કરનાર વિશ્વના પ્રથમ નેતા અને રાજકારણી બન્યા છે.

# યુદ્ધ વચ્ચે લાખો ભારતીયો ગલ્ફ દેશોમાં ફસાયા

## પશ્ચિમ એશિયામાં આશરે ૯૬ લાખ ભારતીયો કરે છે વસવાટ, આશરે ૪૦ લાખ યુએઈમાં સ્થાયી



નવીદિલ્હી, તા. ૩

અમેરિકા, ઇઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષની અસર અનેક ખાડી દેશો પર પડી રહી છે. કુવૈત, ઓમાન, સાઉદી અરેબિયા, બહેરીન અને સંયુક્ત આરબ અમીરાતની પરિસ્થિતિ પર અસર પડી છે. લાખો ભારતીય નાગરિકો આ દેશોમાં ફસાયેલા છે, જેમાં ઇન્ડિયન મેડિકલ એસોસિએશનના કેટલાક સભ્યોનો પણ સમાવેશ થાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આશરે ૯.૬ મિલિયન ભારતીય નાગરિકો પશ્ચિમ એશિયામાં રહે છે, અને ચાલી રહેલા લશ્કરી સંઘર્ષથી કોઈને કોઈ રીતે પ્રભાવિત થયા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આશરે ૯.૬ મિલિયન ભારતીય નાગરિકો પશ્ચિમ એશિયામાં રહે છે, જેમાંથી આશરે ૪ મિલિયન ભારતીયો ફક્ત યુએઈમાં સ્થાયી થયા છે. મોટી સંખ્યામાં ભારતીયો સાઉદી અરેબિયા, કતાર, ઓમાન અને કુવૈત જેવા દેશોમાં પણ કામ કરે છે.

ઇન્ડિયન મેડિકલ એસોસિએશને જણાવ્યું છે કે તે આ મુશ્કેલ સમયમાં અસરગ્રસ્ત લોકોની સાથે છે. જરૂરિયાતમંદ લોકો સંબંધિત દેશોમાં ભારતીય દૂતાવાસો દ્વારા જારી કરાયેલા ઇમરજન્સી હેલ્પલાઇન નંબરોનો સંપર્ક કરી શકે છે. વધુમાં, ઈંખઅ સભ્યો સહાય માટે માનદ નાણાં સચિવ ડો. પિયુષ જૈનનો સંપર્ક કરી શકે છે. ઈંખઅ એ દરેકને શાંત રહેવા અને શક્ય તેટલા વધુ લોકો સુધી આ સંદેશ ફેલાવવા અપીલ કરી છે જેથી જરૂરિયાતમંદોને સમયસર સહાય મળી શકે. ઈરાન, ઇઝરાયલ અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે વધતા તણાવની અસર હવે ભારતીય નાગરિકો પર સ્પષ્ટપણે પડી રહી છે. પશ્ચિમ એશિયામાં આશરે ૯૬ લાખ ભારતીય નાગરિકો રહે છે, જે કોઈને કોઈ રીતે ચાલી રહેલા લશ્કરી સંઘર્ષથી પ્રભાવિત છે. આમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ અને ગલ્ફ દેશોમાં કામ કરતા સ્થળાંતર કરનારાઓનો સમાવેશ થાય છે. વર્તમાન પરિસ્થિતિને જોતાં, વિદ્યાર્થીઓ ખાસ કરીને સંવેદનશીલ છે. તેઓ સતત ભયમાં જીવે છે. ભારતમાં તેમના પરિવારો પણ આ અંગે ચિંતિત છે.

આમાંથી આશરે ૪૦ લાખ ભારતીયો યુએઈમાં સ્થાયી થયા છે. મોટી સંખ્યામાં ભારતીયો સાઉદી અરેબિયા, કતાર, ઓમાન અને કુવૈત જેવા દેશોમાં પણ કામ કરે છે. વર્તમાન કટોકટીએ આ દેશોમાં રહેતા ભારતીયોની સલામતી અંગે ચિંતાઓ ઉભી કરી છે. જોકે, ભારત સરકાર આ દેશોના અધિકારીઓ સાથે સંપર્કમાં છે. તેમણે ભારતીયોને ખાતરી આપી છે કે પરિસ્થિતિ સુધરતા જ તેમને સ્થળાંતર કરવામાં આવશે.

### ભારતીય દૂતાવાસના ઇમરજન્સી સંપર્ક નંબરો

- કુવૈત - ફોનઃ +૯૬૫-૬૫૫૦૧૯૪૬
- ઓમાન - ફોનઃ +૯૬૮-૯૮૨૮૨૨૭૦, ૮૦૦૭૧૨૩૪ (ટોલ ફ્રી)
- સાઉદી અરેબિયા - ફોનઃ ૦૦-૯૬૬-૧૧-૪૮૮૪૬૯૭, ૦૦-૯૬૬-૫૪૨૧૨૬૭૪૮, ૮૦૦૨૪૭૧૨૩૪ (ટોલ ફ્રી, ફક્ત વોટ્સએપ)
- બહેરીન - ફોનઃ ૦૦૯૭૩-૩૯૪૧૮૦૭૧
- સંયુક્ત આરબ અમીરાત - ફોનઃ ૮૦૦-૪૬૩૪૨ (ટોલ ફ્રી), +૯૭૧૫૪૩૦૯૦૫૭૧

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# વાંચન વિશેષ

## ભારતની પ્રથમ મહિલા વકીલ કોર્નેલિયા સોરાબજી એ પર્દા પ્રથાનો વિરોધ કર્યો હતો!



આજે આટલી સફળ થયાં બાદ પણ સ્ત્રીઓ જો પોતાની પર અત્યાચાર થાય છે, કે પછી સ્ત્રી સમોવડીનો નારો લગાવી વારેવારે પોતાની જાતને સહાનુભૂતિનું ક્ષેત્ર બનાવતી હોય! તો વિચારો ખરેખર એ સમયમાં એમની સાથે જે થયું, એ વેદના કેવી હશે! જોકે સમયનાં આ મોડ પર પણ બાયોલોજીકલ ડિફ્ન્સને કારણે કે પછી મેન ઈગોને કારણે, ક્યાંક ક્યાંક હજી કન્યાઓને કે સ્ત્રીઓને અન્યાય થતો જ હોય છે! ભલે આ રેશિયો પાંચ દસ ટકા જ હશે! પણ ટીવી સિરિયલ, સિરિઝ અને ફિલ્મોમાં આ પાંચ દસ ટકાને જ ટાર્ગેટ કરી હજી પણ સ્ત્રીઓ સાથે આટલો જુલ્મ થાય છે, એવું બતાવાય છે! અને ઉલ્ટાનું સીધાસાદા યુવક યુવતીઓ ફિલ્મ કે વેબ સિરીઝ માટેનાં સૂટ કરેલાં ખોટાં સાચાં દ્રશ્યો જોઈને અમારી સાથે પણ આવો જ વ્યવહાર થાય છે! અમારી ભિન્ન લાગણીઓને કોઈ સમજતું નથી! એમ વ્યસનનાં આડા રસ્તે જાય છે! અથવા તો મનોવિકૃત બની જાય છે, અને જ્યાં કેવળ પતન છે. સ્વર્ગમાં સૂરા, રાજાઓનો કસુંબો કે નવાબ બાદશાહની મદિરા આ બધું આપણાં સમાજમાં પહેલેથી જ છે, અને પુરુષને એનું સદા આકર્ષણ રહ્યું! સમય બદલાતો ગયો અને આજે સ્ત્રીઓ પણ વ્યસની થતી જાય છે, આપણું વર્તુળ તો સિમિત હોય એટલે, ટીવી સિરિયલ, સિરિઝ, કે ફિલ્મમાં જ યુવતીઓને ધૂમાડા કાઢતી, કે હાથમાં વાઈનના ગ્લાસ લીધેલી જોઈ હોય! પણ ઘણીવાર વિચાર આવે કે, એ સમયે સ્ત્રીની હિમાયત માટે આગળ આવેલી મહિલાઓ એ પડકાર આપી મહિલાની તરફેણમાં ચુકાદા લાવવાં માટે જહેમત કરી હશે! અને પરિણામ મેળવ્યું હશે, એ મહિલાએ સો ટકા સ્ત્રીઓ આટલી હદે નિર્લજ્જ થશે, એવું તો નહીં જ વિચાર્યું હોય! કાયદા અને ચુકાદાની વાત આવી છે, તો આજે આપણે ભારતની પ્રથમ મહિલા વકીલ કોર્નેલિયા સોરાબજીને એમની કારકિર્દી માટે ચરણોમાં શબ્દ પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કરીશું.

કોર્નેલિયા સોરાબજીનો જન્મ ઓગણીસમી સદીનાં ઉત્તરાર્ધમાં એટલે કે ૧૮૬૬ માં ભારતનાં મહારાષ્ટ્ર રાજ્યનાં નાસિકમાં પારસી કુટુંબમાં થયો હતો, અને તેમના પિતાનું નામ સોરાબજી કારસેદજી અને માતાનું નામ ફ્રાન્સીના ફોર્ડ હતું. પિતા પારસી માંથી ધર્માંતર કરી ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરી પાદરી બન્યા હતા! જેમને દસ સંતાનો હતાં, અને જેમાં કોર્નેલિયા સોરાબજી અત્યંત તેજસ્વી હતા! એમની માતા તેલુગુ હતાં અને એક અતિ ધનવાન ફોર્ડ દંપતી એ એમને દત્તક લીધા હતાં, અને ભણાવ્યાં હતાં! એમની માતા એ સમયની મહિલા ઓ માટે સામાજિક સુધારા માટે આગળ આવી હતી, અને મુંબઈમાં કન્યાશાળાઓ ખોલાવી હતી, અને નાનપણથી આવું જોઈને કોર્નેલિયા સોરાબજીને પણ મહિલાઓ માટે કંઈક કરવાની પ્રેરણા થઈ.

બધાં જ ભાઈ-બહેનોમાં કોર્નેલિયા ખૂબ તેજસ્વી અને બુદ્ધિશાળી હતી, અને અન્યાય સામે તરત જ અવાજ ઉઠાવતી, આમ તેનાં આ ગુણો જોઈ, કોર્નેલિયાની માતાએ નક્કી કર્યું કે, તેણીને પૂરતું શિક્ષણ આપવું. આથી કોર્નેલિયાને પૂનાની પ્રાથમિક શાળામાં મૂકવામાં આવી.પછી કોર્નેલિયાને મીશનરી શાળામાં ભણાવવામાં આવી.આમ તેણીએ શાળાનું શિક્ષણ પૂરું કર્યું.

હવે કોર્નેલિયામાં આગળ ભણીને સ્ત્રીઓ સામે થતાં અન્યાય સામે લડવાની પ્રબળ ઈચ્છા હતી. આના પ્રથમ ચરણરૂપે કોર્નેલિયા કોલેજનું શિક્ષણ લેવું પડે. આથી કોર્નેલિયાએ બોમ્બે યુનિવર્સિટીમાં, આર્ટસ વિભાગમાં એડમીશન માટે અરજી કરી. પરંતુ એ સમયમાં મુંબઈ યુનિવર્સિટીમાં, કોઈ યુવતીને એડમીશન મળતું નહિ. એ સમય અંધકારનો યુગ હતો. ત્યારની વિચારસરણી મુજબ છોકરીઓને શિક્ષણનો અધિકાર નથી, અને કોલેજ કે યુનિવર્સિટી છોકરીઓને પ્રવેશ આપે, તો તેનો સામાજિક બહિષ્કાર થતો.પરંતુ કોર્નેલિયા એ સખ્ત વિરોધ કર્યો અને લડત આપીને એડમિશન મેળવ્યું.

આર્ટસ વિભાગમાં દાખલ થનાર તે ભારતની પ્રથમ યુવતી હતી. તેણીએ ભારતીય યુવતીઓ માટે મુંબઈ યુનિવર્સિટીનાં દ્વાર ખોલી નાખ્યા. આ પછી આર્ટસ કોલેજના ચારે વર્ષમાં પ્રથમ નંબરે પાસ થઈ, તે અંગ્રેજી અને તત્ત્વજ્ઞાન એટલે કે ફીલોસોફીમાં સ્નાતક થયા.

એ સમયમાં માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ યુવક યુવતીનો ભેદ હતો. કોર્નેલિયાને લો કરવા ઓકસફર્ડમાં ભણવા જવું હતું, અને એટલે ઓક્સફર્ડમાં એડમીશન માટે અરજી કરી, પરંતુ તેનો અસ્વીકાર થયો. જોકે પ્રવેશ મળે તો પણ આર્થિક સમસ્યા તો હતી જ.

છતાં કોર્નેલિયાએ ઓક્સફર્ડ યુનિવર્સિટીની સમરવીલ કોલેજમાં કાગળ લખ્યો, અને તેમાં છોકરી તરીકે કેમ પ્રવેશ ના મળે? તેના પ્રશ્નાર્થો કરી દલીલો કરી. પછી તેણે ઓક્સફર્ડની સમરવીલ લો કોલેજમાં એડમીશન તો મળ્યું, પરંતુ આર્થિક સમસ્યાનો નિવેડો કેમ લાવવો?

કોર્નેલિયા એ ઈન્ડીયન એસોસીએશનને આર્થિક મદદ માટે પત્ર લખ્યો. એ સમયમાં બ્રીટીશ બાર કાઉન્સીલ કોઈ ભારતીયને સ્કોલરશીપ આપતાં ન્હોતા. પરંતુ તેણીનાં નાના બ્રીટીશ હતાં, આથી તેમની મદદથી કોર્નેલિયાને ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં સ્કોલરશીપ મળી. અને તેઓ લંડન ભણવા ગયા. લંડનમાં રહેવા વગેરેનો ખર્ચ ફ્લોરેસા નામની નર્સે ઉઠાવ્યો.આમ કોર્નેલિયા સમરવીલ કોલેજ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં, સિવિલ લો ભણ્યાં, દરેક ક્લાસમાં ટોપર રહ્યાં અને સિવિલ લોની ડિગ્રી લઈ ભારત પરત ફર્યા.

એ સમયમાં ભારતીય મહિલાનું જીવન સંપૂર્ણ અંધકારમય હતું. સતીનો રિવાજ, બાળલગ્ન અને ખાસ કરીને પરદો રાખવો, સ્ત્રીએ પડદામાં રહેવું પડતું. ભારતીય મહિલા પડદામાં રહે અને કોઈ અન્ય પુરુષ સાથે વાતચીત પણ કરી શકે નહીં, બહાર પણ પરદા વગર નીકળી ના શકે. આ બધી રિવાજોની બેડી સામે કોર્નેલિયા કાળો કોર્ટ પહેરીને કોર્ટમાં લડત આપવી હતી. પરંતુ તેમની પાસે પ્રેકટીસ કરી શકે તેવી ભારતીય ડીગ્રી ન્હોતી. આથી તેઓએ મુંબઈ યુનિવર્સિટીમાં એકવર્ષ એલએલબી અને એક વર્ષ વકીલાત કરી શકે તે ડિગ્રી પ્રાપ્ત કરી. આમ તેઓ વકીલ બન્યાં પરંતુ એ સમયમાં ભારતીય કોર્ટ મહિલાઓને વકીલ તરીકે કેસ લડવાની પરવાનગી આપતી ન્હોતી, આથી પરદાનશીન મહિલાઓનો કેસ લડી શકતા ન્હોતા. આર્થિક ટેકા માટે મુંબઈની એક કોલેજમાં તેમણે પ્રોફેસર તરીકે નોકરી લીધી. ઈ.સ. ૧૯૨૩માં ભારતીય કોર્ટમાં મહિલાઓને મંજૂરી મળી એટલે તરત જ કલકત્તાની કોર્ટમાં કોર્નેલિયાએ વકીલ તરીકેની અરજી કરી અને તે મંજૂર થતા કાળોકોટ પહેરી પડદાવાળી ભારતીય મહિલાઓ માટે કેસ લડવાના શરૂ કર્યા. તેઓ ૫ વર્ષ સુધી જ કેસો લડી શક્યાં, કારણ કે ૫૮ વર્ષ કોર્ટની નિવૃત્તિની ઉંમર હતી. આ પાંચ વર્ષમાં ભારતીય મહિલા અને બાળકો માટે ૬૦૦ કેસ લડ્યાં.

કોર્નેલિયા સોરાબજી ભારતીય વકીલ બની ગયાં પરંતુ તેમના લડાયક વિચારોને લીધે, તેમને ઝેર આપવાનો પણ પ્રયાસ થયો હતો. આમ સંઘર્ષભરી યાત્રા કરી, કોર્નેલિયા સોરાબજીએ ભારતીય મહિલાઓ માટે કોર્ટનાં દરવાજા ખોલી નાખ્યા.

કોર્નેલિયા સોરાબજીનો જન્મ એક પારસી ખ્રિસ્તી ધર્મને માનતાં પરિવારમાં થયો, અને આપણે જાણીએ છીએ એમ એ સંસ્કૃતિમાં થોડી છૂટછાટ વધુ હોય! એટલે એ રીતે જોઈએ તો એને પોતાનાં જીવનમાં એવી કોઈ પક્ષપાતની અડચણ નહોતી! પણ સમાજની બહેન દિકરીઓ આ રીતે ઘૂંટાઈ ઘૂંટાઈ ને મરી જાય, ક્યાંક દહેજ નું દૂષણ તો ક્યાંક મર્યાદાને નામે શોષણ આ બધું જ એને ખટકતું હતું! માટે એમણે આટલો સંઘર્ષ કર્યો, જે ખરેખર વંદનીય છે.૧૮૬૬ માં ભારતીય સમાજમાં મહિલાઓ માટે જ જેણે જન્મ લીધો હતો, એવાં સામાજિક અને આર્થિક રીતે તલવારની ધાર પર ચાલીને કોર્નેલિયા સોરાબજી નામની એક દિવ્ય જ્યોત ૧૯૫૪ની સાલમાં આકાશનો એક તારો થઈ કંઈ કેટલીય મહિલાઓને રાહ ચીંધી રહ્યો છે. જય ભવાની.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### લક્ઝુરીયસ કાર લઇને નીકળતાં એકલ-દોકલ મળે તો સરનામુ પુછવાના બહાને વાત કરી પછી તેને વાતોમાં વળગાવી ભોળવી લેતાં

# સાધુના સ્વાંગમાં દાગીના સેરવી લેતી ટોળકીનો પર્દાફાશ

## ગુજરાતભરમાં આચર્યા છે એકવીસ ગુનાઃ પોણા નવ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયોઃ દાગીના ઉતરાવીને આ ટોળકી બીજા રાજ્યમાં ભાગી જતીઃ પૈસા ખુટે એટલે ફરી શિકાર શોધવા નીકળતી



રાજકોટ,તા.૩

સૌરાષ્ટ્ર ભરમાં અવાર-નવાર સાધુના સ્વાંગમાં ગઠીયાઓ લોકોને છેતરી જતાં હોય છે. આ પ્રકારની અનેક ઘટનાઓ બની ચુકી છે. લોકોને ભોળવીને આ ટોળકી દાગીના ચોરીને ભાગી જવાની આદત ધરાવે છે. આ દરમિયાન પોલીસે આવી આખી ટોળકી કે જે મદારી ગેંગ તરીકે કુખ્યાત છે તેને ઝડપી લઇ પોણા નવ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. અ શખ્સો પાસેથી પોલીસ લખેલી એક પ્લેટ પણ મળી આવતાં આ પ્લેટનો ઉપયોગ શું કર્યો? તેની પણ તપાસ થઇ રહી છે.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચને એક મોટી સફળતા મળી છે. શહેરમાં સાધુનો વેશ ધારણ કરી ભોળા લોકોને પોતાની વાતોમાં ફસાવી કીંમતી સોના-ચાંદીના દાગીના પડાવી લેતી રીઢા ગુનેગારોની 'મદારી ગેંગ'ના બે સાગરીતોને પોલીસે દબોચી લીધા છે. આ ટોળકીની મોડસ ઓપરેન્ડી એટલી શાતિર હતી કે તેઓ જ્યોતિષ વિદ્યા અને ધાર્મિક વાતોના બહાને લોકોનો વિશ્વાસ જીતી લેતા અને ક્ષણભરમાં લાખોના દાગીના લઈ રફુચક્કર થઈ જતા હતાં. પોલીસ તપાસમાં ગુજરાત અને મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં આચરેલા કુલ ૨૧ જેટલા ગુનાઓના ભેદ ઉકેલાયા છે. તેમની પાસેથી રૂ. ૮.૭૧ લાખનો મુદ્દામાલ અને 'પોલીસ' લખેલી પ્લેટ જપ્ત કરાયો છે.

પોલીસ સુત્રોએ કહ્યું કે આ ગેંગની કામ કરવાની પદ્ધતિ ખૂબ જ વિચિત્ર અને જોખમી હતી. ટોળકીના સભ્યો લક્ઝુરિયસ કારમાં નીકળતા અને રસ્તામાં કોઈ વ્યક્તિને ટાર્ગેટ કરતા હતાં. આરોપીઓ આશ્રમ કે ગૌશાળાનું સરનામું પૂછવાના બહાને રાહદારીને રોકતા હતાં. જેવો કોઈ વ્યક્તિ ઉભો રહે, એટલે સાધુના વેશમાં રહેલો રાજેશનાથ ઉર્ફે રાજલો મદારી જ્યોતિષના એવા શબ્દો બોલતો જે મોટાભાગના લોકોને લાગુ પડતા હોય. તે કહેતો કે, 'બેટા તારા દુશ્મનો ઘણા છે', 'તુ ઘણો ભોળો છે', અથવા 'તારી પાસે રૂપિયા તો આવે છે પણ બચત થતી નથી'. આ વાક્યો સાંભળી સામેવાળી વ્યક્તિ અંજાઈ જતી અને તેમની વાતોમાં આવી જતી હતી.

આ વાતચીતમાં એકવાર સામેની વ્યક્તિ વિશ્વાસમાં આવી જાય એટલે આ ઠગબાજો પોતાની અસલી રમત શરૂ કરતાં. તેઓ કહેતા કે 'આગળ મોટો ભંડારો કરવાનો છે' અથવા 'ગૌશાળામાં દાન કરવાનું છે'. પુણ્ય કમાવવાની લાલચ આપી તેઓ વ્યક્તિને તેના શરીર પર પહેરેલા કીંમતી સોનાના દાગીના ઉતારીને એક બાજુ મૂકવા જણાવતા હતાં. વિધિ કરવાના બહાને નજર ચૂકવી આ ટોળકી દાગીના લઈને પોતાની કારમાં નાસી છૂટતી હતી. સુરતના વેસુ સહિત અનેક વિસ્તારોમાં આ ગેંગે આ જ રીતે અનેક લોકોને લૂંટ્યા હોવાની કબૂલાત કરી છે. સુરત ક્રાઈમ બ્રાન્ચના આર્મ્સ સ્કોડને બાતમી મળી હતી કે આ મદારી ગેંગ શહેરના સીમાડે ફરી રહી છે. જે આધારે પોલીસે વોચ ગોઠવી કોસમાડા-ખડસાદ કેનાલ રોડ પર બુલેટ ટ્રેનના બ્રીજ નીચેથી બે આરોપીઓની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓમાં રાજેશનાથ ઉર્ફે રાજલો બાબુનાથ મદારી અને અશોકકુમાર ગમનારામ ચૌધરી જે ખેડા અને રાજસ્થાનના વતની છે તેનો સમાવેશ થાય છે.

પોલીસે તેમની પાસેથી સ્વિટ અને અમેજ એમ બે લક્ઝુરિયસ કાર પણ જપ્ત કરી છે, જેનો ઉપયોગ તેઓ ગુનાને અંજામ આપવા માટે કરતા હતા. પોલીસે આરોપીઓ પાસેથી સોનાની રુદ્રાક્ષની માળા, સોનાની વીંટી, રોકડ રકમ, ૪ મોબાઈલ ફોન અને બે કાર મળી કુલ રૂ. ૮,૭૧,૭૮૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આશ્ચર્યની વાત એ છે કે આરોપીઓ પોતાની ગાડી પર પોલીસ લખેલી પ્લેટ પણ રાખતા હતાં, જેથી હાઈવે પર કે શહેરમાં કોઈ તેમને રોકે નહીં અને પોલીસ હોવાનો વટ પાડીને બચી શકાય. આ ટોળકી કપડવંજથી નીકળી અલગ-અલગ રાજ્યોમાં નેટવર્ક ફેલાવીને ઠગાઈ કરતી હતી. પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. તેઓએ સુરતના વેસુ અને કામરેજ ઉપરાંત આણંદ, લુણાવાડા, સંતરામપુર, બનાસકાંઠા અને નવસારીમાં પણ અનેક લોકોને નિશાન બનાવ્યા છે. એટલું જ નહીં, મહારાષ્ટ્રના નાસિક, પુણે, જલગાંવ, જલના અને શિરડી જેવા ધાર્મિક સ્થળોએ પણ સાધુના વેશમાં ભોળા શ્રદ્ધાળુઓને લૂંટ્યા છે.

અત્યાર સુધીમાં કુલ એકવીસ ગુનાઓનો રેકોર્ડ સામે આવ્યો છે, જેમાં કરોડોની કિંમતના દાગીનાની ઠગાઈ હોવાની શક્યતા છે. પકડાયેલો મુખ્ય આરોપી રાજેશનાથ ઉર્ફે રાજલો મદારી અગાઉ પણ અનેક ગુનાઓમાં સંડોવાયેલો છે. તેની સામે ખેડાના કપડવંજ પોલીસ સ્ટેશનમાં મારામારી અને રાયોટિંગના ગુના નોંધાયેલા છે, જ્યારે રાજસ્થાનના સાગવાડા પોલીસ સ્ટેશનમાં પણ તેની સામે ઠગાઈનો ગુનો નોંધાયેલ છે. આ ગેંગ એટલી શાતિર છે કે પકડાયા વગર લાંબા સમય સુધી એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં પલાયન થઈ જતી હતી. સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જણાવવામાં આવ્યું છે કે જો આ રીતે કોઈ વ્યક્તિ આ ગેંગનો શિકાર બની હોય અને દાગીના ગુમાવ્યા હોય, તો તેમણે તાત્કાલિક સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કરવો. સાધુના વેશમાં આવતા અજાણ્યા લોકો પર વિશ્વાસ ન કરવા અને પોતાની કીંમતી વસ્તુઓ કોઈને ન સોંપવા પોલીસે જાહેર જનતાને અપીલ કરી છે. હાલ પોલીસ આ ગેંગના અન્ય સાગરીતો અને તેમણે ચોરેલો મુદ્દામાલ ક્યાં વેચ્યો છે તે દિશામાં તપાસ ચલાવી હાથ ધરવામાં આવી છે.

# ધુળેટી પર્વે રેસકોર્સમાં no entry

## આવારા તત્વો પર અંકુશ લાદવા પોલીસ કમિશનરનું જાહેરનામું : ડ્રોન મારફતે સતત સર્વેલેન્સ



રાજકોટ, તા. ૩

સમગ્ર રાજ્યમાં આજે ધુળેટી નો તહેવાર ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવશે પરંતુ આ દિવસે ઘણા ખરા યુવાનો છાકટા થતા હોય છે અને પોતાની માન મર્યાદા ચૂકી જાય અન્ય લોકોને પણ હેરાન પરેશાન કરતા હોય છે ત્યારે આ વખતે રેસ્કોર્સ સંકુલ સહિત ઈન્દો સ્ટેડિયમ સહિત કોર્પોરેશનની વિવિધ જગ્યાઓમાં નો એન્ટ્રી કરી દેવામાં આવી છે જેથી રંગોના તહેવારમાં કોઈપણ પ્રકારનું દૂષણ જોવા ન મળે.

રંગોનાં તહેવાર ધૂળેટીનાં પર્વની સૌ કોઈ આનંદથી ઉજવણી કરતા હોય છે. ત્યારે આનંદ ઉત્સાહના પર્વમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેમાં રોડ- રસ્તાઓ કે મેદાન પર ભીડ એકત્રિત કરવા પર તેમજ જાહેરમાં રોડ પર લોકો પર રંગ કે કાદવ નહી છાંટવા પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ત્યારે જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ કાર્યવાહિ કરવામાં આવશે.

ઉપરાંત ધુળેટીના દિવસે શહેરમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રહેશે સવારે ૮ વાગ્યાથી જ રસ્તાઓ પર પોલીસ બંદોબસ્ત ગોઠવાઇ જશે તે માટે પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા દરેક પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓને સૂચના આપવામાં આવેલ છે અને બંદોબસ્તની ફાળવણી કરવામાં આવેલ છે. હોળી-ધુળેટીના તહેવારને લઇ પોલીસે સુરક્ષા સ્કીમ બનાવી છે. જેમાં બંદોબસ્ત માટે ૪૦૦ થી વધુ પોલીસ અધીકારી-કર્મચારીઓ, એસઆરપીની ત્રણ કંપની અને ૧૦૦ થી વધુ હોમગાર્ડ સહીત ૧૭૦૦ જેટલી પોલીસ તૈનાત રહેશે ઉપરાંત ૧૫ પેટ્રોલિંગ રૂટ નકકી કરાયા છે અને ૩૦ ફીકસ પોઇન્ટ પર પોલીસ જવાનો ખડેપગે રહેશે.સાડા ડ્રેસમાં મહિલા પોલીસ નઝર રાખશે.

ઉપરાંત પોલીસ કમિશ્નર દ્વારા શહેરના તમામ પોલીસ સ્ટેશનના પી.આઈ સહિતના અધિકારીઓ અને સ્ટાફને ધૂળેટીના તહેવાર ઉપર ડ્રન્ક અને ડ્રાઈવ કરતા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં ખાસ ડ્રાઈવનું આયોજન કરવા સુચના આપી છે. જેને લઈ શહેર પોલીસની સ્પેશ્યલ ટીમ તૈયાર કરી દેવામાં આવી અને આ ડ્રીંક એન્ડ ડ્રાઈવનું ચેકિંગ કરશે.

અત્રે એ વાત ઉલ્લેખનીય છે, કે રાજકોટમાં સામાન્ય દિવસોમાં પણ અસામાજીક તત્વો દ્વારા જાહેર માર્ગો પર આતંક મચાવવામાં આવતો હોય તેવી ઘટનાઓ સામે આવતી રહે છે.

પોલીસ કમિશનર દ્વારા આ તમામ બાબતે કડક પગલાં લેવા તથા ડ્રોન મારફતે સર્વેલાન્સ પણ હાથ ધરાશે જેથી આવારા તત્વો દ્વારા કોઈ પણ પ્રકારની ગેરરીતી આચરવામાં ન આવે. આજનો તહેવાર લોકો મન મૂકીને માણી શકે તે માટે પોલીસ વિભાગ દ્વારા તમામ જરૂરી તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. હાલ ખાસ મહાનગરપાલિકાની વિવિધ મિલકતો ને બંધ કરી સિક્યુરિટી ગાર્ડ પણ તૈનાત કરવામાં આવ્યા છે.

### ગુમાવેલા મોબાઇલ પાછા મળતાં લોકો થઇ ગયા ખુશઃ પોલીસનો આભાર વ્યક્ત કર્યો

# તેરા તુજકો અર્પણઃ ક્રાઈમ બ્રાંચે ખોવાયેલા ૯.૭૮ લાખના ફોન શોધી આપ્યા

રાજકોટઃ તેરા તુજકો અર્પણ ઝુંબેશ અંતર્ગત શહેર પોલીસ દ્વારા નાગરિકોની સુરક્ષા સાથે તેમના ખોવાયેલા કિંમતી સામાનને પરત અપાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત, રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા અને ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાની સુચના અને માર્ગદર્શન હેઠળ 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ખોવાયેલા ગૂમ થયેલા ચોપન અને ચોરાયેલો એક મોબાઇલ મળી રૂા. ૯,૭૮,૪૪૬ના ૫૫ મોબાઇલ ફોન અરજદારોને પરત અપાયા છે.

વિગતો જોઇએ તો ડીસીબી પોલીસ સ્ટેશન દ્વારા ફેબ્રુઆરી મહિના દરમિયાન ગુમ થયેલા કે ચોરાયેલા મોબાઈલ ફોન શોધી કાઢવા માટે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. એસીપી ક્રાઇમ ભરત બી.બસીયા અને પોલીસ ઈન્સ્પેક્ટર એમ. આર. ગોંડલીયાના નેતૃત્વમાં ટીમ દ્વારા સીઈઆઈઆર પોર્ટલ અને ટેકનિકલ સોર્સનો ઉપયોગ કરી સતત મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. જેના પરિણામે અલગ-અલગ લોકેશન પરથી મોબાઈલ ટ્રેસ કરી રિકવર કરવામાં આવ્યા હતા. ક્રાઇમ બ્રાંચે કુલ ૯,૭૮,૪૪૬ના મોબાઇલ ફોન મુળ માલિકોને બોલાવી તેમને પરત સોંપતા તેમના ચહેરા પર ખુશી જોવા મળી હતી અને પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. એ.એસ.આઈ. એમ.જે. અડતરીયા અને મહિલા પોલીસ કોન્સ્ટેબલ નગ્માબેન એમ. સુમરાએ ઉચ્ચ અધિકારીઓની રાહબરીમાં આ કામગીરી સુપેરે નિભાવી હતી.

### રોકાણ પર નફાની લાલચ આપી બાટલીમાં પુરી દેવાના સતત વધ્યા છે કિસ્સા

# એકના ડબલના નામે વેપારી સાથે સવા ત્રણ કરોડનું ફ્રોડ

## અન્ય કિસ્સામાં યુવાનને ટેલીગ્રામથી ઈન્વેસ્ટમેન્ટના નામે ફસાવી ઠગાઇઃ ત્રીજા કિસ્સામાં ઘી પ્રોડક્ટ સસ્તામાં અપાવવાના નામે ઠગાઇ




રાજકોટ,તા.૩

રોકાણ પર વળતરની લાલચ આપી અને એકના ડબલ કરી દેવાના સપના દેખાડી ફ્રોડ આચરી લેવાના બનાવો અટકતા જ નથી. આવી વધુ એક ઘટના સામે આવી છે. જેમાં રોકાણ અને ઓનલાઇન વેપારના નામે છેતરપીંડી થઇ હોય તેવા ત્રણ બનાવ બન્યા છે. પ્રથમ કિસ્સામાં તો વેપારીને ચાર ગઠીયાઓએ આબાદ ફસાવી લઇ રોકાણ પર એકના ડબલ થઇ જશે તેવા આંબા આંબલી બતાવી તેના સવા ત્રણ કરોડ ઉસેડી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ શહેરમાં રોકાણ અને ઓનલાઇન વેપારના નામે મોટી છેતરપિંડીના ત્રણ બનાવો સામે આવ્યા છે. સેટેલાઈટ વિસ્તારમાં રહેતા જમીન લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા જશ ભાટિયાને સહદેવ કેપિટોલ સ્કીમમાં રોકાણ કરી પૈસા ડબલ કરવાની લાલચ આપી ૩.૨૪ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી છે. બીજી તરફ સહકારનગરના ૨૪ વર્ષીય યુવક સાથે ટેલિગ્રામ મારફતે ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટના નામે છેતરપિંડી આચરવામાં આવી છે. વધુ નફાની લાલચ આપી ક્યૂઆર કોડ દ્વારા હપ્તાવાર રૂપિયા પડાવી કુલ સોળ હજારથી વધુ રકમ ગેરકાયદેસર રીતે ઉપાડી લેવાઈ છે.

જ્યારે ઘાટલોડિયામાં રહેતા એક વેપારી સાથે ઈન્ડિયા માર્ટ પર ઘી પ્રોડક્ટ વ્યાજબી ભાવે આપવાની લાલચ આપી ૨.૫૧ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી. સેટેલાઈટ વિસ્તારમાં રહેતા જશ ભાટિયાને સહદેવ કેપિટોલ નામનો સ્કીમમાં રોકાણ કરવાનો લાલચ આપી ૪ લોકોએ ૩.૨૪ કરોડની છેતરપિંડી આચરી છે. જશ ભાટિયા જમીન લે વેચનું કામ કરે છે. જશ ભાટિયાના મિત્રએ માનવ મંદિર ચાર રસ્તા પાસે સહદેવ કેપિટોલ નામની સ્કીમમાં રોકાણ કરવાથી સારું વળતર મળશે તેવી લાલચ આપી હતી. પૈસા ડબલ થઈ જશે તેવી લાલચ આપી હોવાથી ફરિયાદીએ રોકાણ કરવાની સંમતિ દર્શાવી હતી. ત્યારબાદ બાદ મનીષ રાઠોડ, -તિક કેજરીવાલને જાણ કરી રોકાણ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જેથી -તીક કેજરીવાલે સહદેવ કેપિટોલના માલિક નિકિન પટેલ સાથે મુલાકાત કરાવી હતી. નિકીન પટેલે વેજલપુરમાં સહદેવ કેપિટોલ નામની કોમર્શિયલ કોમ્પેક્સની સ્કીમ બનાવવાની કામકાજ ચાલુ હોવાનું જણાવ્યું હતું.

તેમજ સ્કીમમાં સાતમા માળે યુનિટ ખાલી છે તેમાં રોકાણ કરશો તો સારું વળતર મળશે તેવી ફરિયાદીને લાલચ આપી હતી. જેથી ફરિયાદીએ સાતમા માળે યુનિટ ૭૦૮થી ૭૧૪ સુધી અલગ અલગ સ્કવેર ફૂટની ૭ ઓફિસ ૪.૭૭ કરોડમાં વેચાણ પર રાખવાનું નક્કી કર્યું હતું. જો કે ફરિયાદીને મનીષ રાઠોડ પાસેથી ૩ કરોડ રૂપિયા લેવાના નીકળતા હતાં. જેથી વાતચીત દરમિયાન મનીષ રાઠોડે સહદેવ કેપિટોલના ભાગીદારી સંબંધ હોવાનું જણાવી ૧૦ લાખ ટોકનના આપી બાકીના લેવાના નીકળતા ૩ કરોડ રૂપિયા સહદેવ કેપિટોલમાં જમાં કરાવી દેવાની ખાતરી આપી હતી. તેમજ બાકી રહેતી રકમ ચેક મારફતે ચૂકવી આપવાનું કહેતા ફરિયાદીએ વિશ્વાસ રાખી ૧૦ લાખ રૂપિયા રોકડા ટોકન સ્વરૂપે આપ્યા હતા. તેમજ મનીષ રાઠોડ પાસેથી લેવાના નીકળતા ૩ કરોડ રૂપિયા સહદેવ કેપિટોલ નામની પેઢીમાં જમા કરાવ્યા હતા. પૈસા જમા થયા હોવાની સહદેવ કેપિટોલના માલિકે ફરિયાદીને જાણ કરી કાચી ડાયરીમાં નોંધ પણ કરી હતી. જો કે તે બાદ સ્કીમનો રેરામાં રજીસ્ટ્રેશન થયું હોવાનું કહી સાત યુનિટના બે બે લાખ લેખે ચૌદ લાખ રૂપિયા સહદેવ કેપિટોલના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતાં. પરમિશન થયા બાદ વેચાણ દસ્તાવેજ કરી આપવાની ફરિયાદીને લાલચ આપી હતી. પરંતુ સહદેવ કેપિટોલના માલિક નિકિન પટેલ દ્વારા વેચાણ દસ્તાવેજ કરી આપેલ નહીં. જેથી ફરિયાદીએ મનીષ રાઠોડ, પ્રવિણા રાઠોડ, -તિક કેજરીવાલ અને નિકિન પટેલ સામે ૩.૨૪ કરોડની સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

બીજા બનાવમાં સહકારનગરમાં રહેતો ૨૪ વર્ષીય મોહિતસિંહ ભદોરીયા ટેલિગ્રામ મારફતે ઓનલાઈન ઇન્વેસ્ટમેન્ટના નામે છેતરપિંડીનો ભોગ બન્યાની ફરિયાદ નોંધાવી છે. બપોરે ટેલિગ્રામ પર અજાણ્યા શખ્સે ઇન્વેસ્ટમેન્ટ સ્કીમમાં વધુ નફાની લાલચ આપતાં ૨,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ અલગ-અલગ ક્યુ આર કોડ મોકલી અનેક હપ્તામાં રૂપિયા ભરાવ્યા હતાં. સાયબર ગઠિયાઓએ ડિપોઝિટ અને કમિશનના નામે વધુ રકમ માંગતા વિશ્વાસમાં આવી ૪૭,૯૦૦ નફો બતાવી રકમ પાછી લેવા વીસ ટકા કમિશન આપવું પડશે જેમાં ૧૦ ટકા એડવાન્સ રકમ માંગવામાં આવી હતી. તેમજ એકાઉન્ટ વેરિફિકેશન કરાવવા મ્ચ કોડ મારફતે રૂપિયા પડાવ્યા હતા. નફાની લાલચ આપી અલગ અલગ ટ્રાન્જેક્શન કરાવી કુલ ૧૬,૫૫૦ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવતા ફરિયાદીએ અજાણ્યા શખ્સો સામે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ઘાટલોડીયા વિસ્તારમાં રહેતા સચીનભાઈ પટેલે પણ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ૨.૫૧ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. નવેમ્બર મહિનામાં ફરિયાદીએ ઈન્ડિયા માર્ટ પ્લેટફોર્મ પર ઘી પ્રોડક્ટ લેવા માટે રિક્વેસ્ટ મોકલી હતી. જે બાદ એક વ્યક્તિએ ફોન કરીને ફરિયાદી સાથે ઘીની કોન્ટેટી અને કિંમત નક્કી કરી હતી. જે બાદ ફરિયાદીએ અડધું પેમેન્ટ ૫૦,૦૦૦ એડવાન્સ કરી દીધા હતા.

મટીરિયલ તૈયાર હોવાનું કહેતા બાકીના ૨.૫૧ લાખ રૂપિયા પણ ફરિયાદીએ ટ્રાન્સફર કર્યા હતા. જે બાદ સાયબર ગઠિયાએ અલગ અલગ ટાઈમે પેમેન્ટ આવ્યું હોવાથી સિસ્ટમ એક્સેપ્ટ ન કરતું હોવાથી પેમેન્ટ પરત ટ્રાન્સફર કર્યા હોવાની રીસીપ્ટ ફરિયાદીને મોકલી આપી હતી. ફરિયાદીએ બેંકમાં જઈને ચેક કરતા કોઈપણ પેમેન્ટ ન આવ્યું હોવાનું સામે આવ્યું હતું. જે બાત ફરિયાદીએ ફોન કરીને સંપર્ક સાયબર ગઠિયાએ ફોન ઉપાડ્યો નહીં. જેથી શંકા જતા ઘી પ્રોડક્ટ વ્યાજબી ભાવે આપવાની લાલચ આપી ૨.૫૧ લાખની છેતરપિંડીની બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પારકા ઝઘડામાં ઘણીવાર નિર્દોષ હણાઇ જતાં હોય છેઃ ગુલાબનગરમાં બની ઘટના

# યુવાનની હત્યાથી બે સંતાને ગુમાવી પિતાની છત્રછાંયા

## ચીકન શોપ ચલાવતો વેપારી યુવાન પોતાના ભાઇના મિત્રના ઝઘડામાં વચ્ચે પડતાં ચાર શખ્સોએ ધોકા ફટકાર્યાઃ સારવારમાં દમ તોડ્યોઃ રમઝાન મહિનામાં દિકરો ગુમાવતાં પરિવારમાં માતમઃ આરોપીઓને આજીડેમ પોલીસે પકડી લીધા

રાજકોટ,તા.૩

પારકા ઝઘડામાં ઘણીવાર વચ્ચે પડનારા નિર્દોષનો ભોગ લેવાઇ જતો હોય છે. આવી જ એક ઘટના શહેરના કોઠારીયા સોલવન્ટ ગુલાબનગરમાં બની છે. અહિ ચીકન શોપ ચલાવતાં યુવાનના ભાઇના મિત્ર સાથે આ વિસ્તારના જ શખ્સો મોટર સાઇકલ મોડુ કેમ પાછુ આપ્યું? એ વાતને લઇને માથાકુટ કરતાં હોઇ યુવાન અને તેનો ભાઇ વચ્ચે પડતાં તેના પર ધોકા, છરીથી હુમલો થયો હતો. ધોકાના ઘાને કારણે ગંભીર ઇજા પામનાર ચીકનના વેપારી યુવાનનું સારવારમાં મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાય છે. આ ઘટનાને પગલે બે માસુમ સંતાને પિતાનું છત્ર ગુમાવતાં રમઝાન મહિનામાં પરિવારમાં માતમ છવાઇ ગયો છે.






વિગતો પર નજર કરીએ તો કોઠારીયા સોલવન્ટ ગુલાબનગરમાં કેજીએન ચીકન નામે નોનવેજની દૂકાન ચલાવતાં બરકતીનગરના હૈદર ઇસ્માઇલભાઇ અંસારી નામના ત્રેવીસ વર્ષના યુવાન પર ગત છવ્વીસમીએ ગુલાબનગરના ત્રણ સગા ભાઇઓ સહિત ચાર જણાએ હુમલો કરી ધોકાથી ગંભીર ઇજા પહોંચાડતાં આજીડેમ પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધ્યો હતો. સારવારમાં હૈદરનું મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાયો છે. હૈદર અને તેના ભાઇ ફૈઝાનનો મિત્ર આશીફ આરોપીઓ પૈકીના હરેશનું બાઇક લઇ રમઝાન માસ નિમીતે ગોંડલ નમાઝ પઢવા ગયો હોઇ ટ્રાકિફને કારણે પાછુ આવવામાં મોડુ થતાં રાહુલ સહિતનાએ આશીફ સાથે ઝઘડો કર્યો હતો. આ વખતે હૈદર અને તેનો ભાઇ ફૈઝાન વચ્ચે પડતાં હૈદરને ગંભીર ઇજા પહોંચાડાઇ હતી. સારવારમાં હૈદરે દમ તોડી દીધો હતો.

વધુ માહિતી જોઇએ તો આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયા સોલવન્ટ બરકતીનગર શેરી નં. ૧૧માં બાલાજી એપાર્ટમેન્ટવાળી શેરીમાં રહેતાં ઓગણીસ વર્ષના ફૈઝાન ઇસ્માઇલભાઇ અંસારીની ફરિયાદ પરથી હરેશ મનુભાઇ પરેશા, મહેશ મનુભાઇ પરેશા, ઇમરાન હાસમભાઇ કાદરી (પંચશીલ સોસાયટી ગોંડલ રોડ), તથા રાહુલ મનુભાઇ પરેશા (ગુલાબનગર) સામે ગુનો નોંધી રાહુલ સિવાયના ત્રણેયને પકડી લીધા હતાં. રાહુલ હજુ ફરાર હોઇ તેને પકડી લેવા તજવીજ થઇ રહી છે. ફૈઝાને ફરિયાદમાં જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને મારા મોટા ભાઇ હૈદરભાઇ ગુલાબનગર-૨ કોઠારીયા સોલવન્ટ ખાતે કેજીએન ચીકન નામે નોનવેજની દુકાન ચલાવે છે. ૨૬/૨ના સાંજે આઠેક વાગ્યે હું અને મારો ભાઇ હૈદર તથા મિત્ર આશીફ એમ ત્રણેય અમારી દુકાને હતાં.

ત્યારે રાહુલ, ઇમરાન આવ્યા હતાં અને મારા મિત્ર આશીફને કહેવા લાગેલા કે પરમ દિવસે તું મોટરસાઇકલ લઇ ગયો ત્યારે મોડુ કેમ પાછુ આપ્યું? તેમ કહી આશીફને ગાળો દેવા માંડ્યા હતાં. આશીફ રમઝાન મહિનો ચાલતો હોઇ રાહુલનું બાઇક લઇને ગોંડલ નમાઝ પઢવા ગયો હતો. ત્યાંથી પરત આવતી વખતે ટ્રાફિકને કારણે મોડુ થઇ ગયું હોઇ આ તકરાર થઇ હતી. દરયિમાન અમારા મિત્ર આશીફ સાથે ઝઘડો થતો હોઇ હું અને મારો ભાઇ હૈદર વચ્ચે પડ્યા હતાં અને રાહુલ, ઇમરાનને માથાકુટ નહિ કરવા સમજાવ્યા હતાં. આથી બંને જતાં રહ્યા બાદ ઇમરાન છરી લઇને આવ્યો હતો અને આશીફને મારવાની ધમકી આપી હતી.

આથી અમે બંને ભાઇઓ ઇમરાનને પકડીને સમજાવતાં હતાં. ત્યાં રાહુલના બીજા બે ભાઇ મહેશ, હરેશ ધોકા લઇને આવી ગયા હતાં અને ગાળાગાળી ચાલુક રી હતી. ત્યાં મારા પિતા પણ આવી ગયા હતાં. આ વખતે હરેશે મને માથામાં ફડાકો મારી દીધો હતો અને મહેશ, રાહુલે મારા ભાઇ હૈદરને ધોકાના ઘા માર્યા હતાં. મારા પિતા વચ્ચે પડતચાં તેને પણ મારકુટ કરી હતી. આ દરમિયાન હરેશે મારા ભાઇ હૈદરને ધોકાના ઘા મારતાં જમણા કાન ઉપર માથાના ભાગે ગંભીર ઇજા થઇ હતી અને તે ચક્કર ખાઇ પડી ગયો હતો. માણસો ભેગા થઇ જતાં હુમલાખોરો ભાગી ગયા હતાં. મારા ભાઇ હૈદરને બેભાન હાલતમાં અમે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ત્યાં તબિબે રિપોર્ટ કરતાં ખોપરીમાં મલ્ટીપલ ફ્રેકચર હોવાનું ખુલ્યું હતું. મારા ભાઇને મારી નાંખવાના ઇરાદે હુમલો થયો હતો. તેમ વધુમાં ફૈઝાને કહેતાં પીઆઇ એ. બી. જાડેજા, લક્ષ્મણભાઇ મકવાણા, મેરૂભા ઝાલા સહિતે હત્યાની કોશિષનો ગુનો નોંધી ત્રણ આરોપી મહેશ, ઇમરાન, હરેશને પકડી લીધા હતાં. આ ત્રણેય જેલમાં છે. રાહુલ હજુ ફરાર છે. સારવારમાં ગત રાતે હૈદરે દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલ્ટાયો છે. રમઝાન મહિનામાં જ યુવાન આશાસ્પદ દિકરાની હત્યાથી પરિવારમાં માતમ છવાઇ ગયો છે. હત્યાનો ભોગ બનનાર હૈદર બે ભાઇમાં મોટો હતો. તેને સંતાનમાં બે મહિનાની પુત્રી અને દોઢ વર્ષનો પુત્ર છે. જેણે પિતાની છત્રછાંયા ગુમાવી હતી. આ ઘટનામાં એક નિર્દોષી હત્યાથી બે સંતાને પિતાનું છત્ર ગુમાવ્યું છે.

# નાસ્તો કરી રહેલા પરિવાર પર ત્રણ શખ્સનો છરીથી હુમલો

રાજકોટ,તા.૩

લુખ્ખાગીરીની વધુ એક ઘટના સામે આવી છે. ચોરી ઉપર સે સીનાજોરી જેવી ઘટના કુવાડવા રોડ પરના પારૂલ બગીચામાં બની છે. એક લુખ્ખાએ પરિવાર સાથે નાસ્તો કરી રહેલા મહિલાની સામે સતત જોયા રાખતાં પુરૂષ સભ્યએ આ શખ્સને ટપારતાં તે જતો રહ્યો હતો. બાદ બીજા બે સાગ્રીતોને સાથે લાવી છરી પથ્થરથી તૂટી પડ્યો હતો.



**મહિલા સદસ્ય સામે એક શખ્સ સતત જોતો હોઇ શાકભાજીના વેપારીએ ટપારતાં ડખ્ખોઃ કુવાડવા રોડ પારૂલ બગીચામાં બનાવ**

વિગતો પર નજર કરીએ તો આરટીઓ પાસે રહેતા અને શાકભાજીનો વેપાર કરતા એક યુવક અને તેના પરિવારજનો હોળીની રાત્રે પારૂલ બગીચાના હોકર્સ ઝોનમાં ખાણીપીણીના સ્ટોલ પર નાસ્તો કરવા ગયા ત્યારે અજાણ્યા શખ્સો દ્વારા છરી અને પથ્થરો વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. મહિલા સભ્યો સામે ટીકી ટીકીને જોવાની ના પાડતા મામલો બિચક્યો હતો. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે શ્રીરામ સોસાયટીમાં રહેતાં અને જ્યુબીલી શાક માર્કેટ પાસે ડુંગળી બટાટાનો વેપાર કરતાં આકાશ જયેશભાઈ નથવાણી નામના છવ્વીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. હોળીના તહેવાર નિમિત્તે તે તેમના પત્નિ, બહેન, બનેવી અને ભાઈ સાથે રાત્રે બાર વાગ્યા આસપાસ કુવાડવા રોડ પર પારૂલ બગીચા પાસે નાસ્તો કરવા ગયા હતા. નાસ્તો કરતી વખતે બાજુના ટેબલ પર બેઠેલો એક અજાણ્યો યુવક પરિવારની મહિલા સભ્યો સામે સતત જોઈ રહ્યો હતો. આ બાબતે આકાશભાઈ અને તેમના ભાઈએ તેને ટોકતા તે યુવક ત્યાંથી જતો રહ્યો હતો. થોડી જ વારમાં તે યુવક અન્ય બે માણસો સાથે પરત આવ્યો હતો અને ઝઘડો શરૂ કર્યો હતો. બોલાચાલી દરમિયાન મામલો ઉગ્ર બનતા અજાણ્યા શખ્સે તેની પાસે રહેલી છરી કાઢી હુમલો કર્યો હતો. આ હુમલામાં આકાશભાઈને ડાબા હાથના ખભાના ભાગે અને દાઢીના ભાગે છરી વાગી હતી. તેમના સાળા શુભમને ડાબા હાથની આંગળી પર ઈજા પહોંચી હતી. તેમની બહેન રૂપલબેનને પણ ઝપાઝપી દરમિયાન ડાબા હાથે છરીનો છરકો લાગ્યો હતો. હુમલાખોરોએ પથ્થરમારો પણ કર્યો હતો અને ગડદાપાટુનો માર માર્યો હતો. ઘટનાને પગલે લોકોના ટોળા એકઠા થતા ત્રણેય શખ્સો ત્યાંથી ભાગી છૂટ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અહિ આકાશભાઈને દાખલ કરાયા હતાં. બાકીનાને પ્રાથમિક સારવાર અપાઇ હતી. બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઇ જે. આર. સોલંકીએ ગુનો આરોપીઓને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી.

હોળી-ધૂળેટીના તહેવાર અંતર્ગત પોલીસનો રેલમછેલ અટકાવવા પ્રયાસ

# વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક પકડાયોઃ દેશીના ૨૧ સ્થળે દરોડા

રાજકોટ,તા.૩

હોળી ધુળેટી તહેવાર અંતર્ગત યુનિવર્સિટી પોલીસની ટીમે બાતમીના આધારે પુષ્કરધામ રોડ પરથી દારૂનો જથ્થો ભરેલી કાર સાથે એક શખ્સને પકડી લઇ રૂા. ૬,૩૭,૮૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તો આજીડેમ પોલીસે ૨૧ દરોડામાં ૨૧ શખ્સોને દેશી વિદેશી દારૂ સાથે પકડ્યા હતા.

**યુનિવર્સિટી પોલીસ અને આજીડેમ પોલીસની ટીમોએ કરી કામગીરી**

ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે કોન્સ. દિવ્યરાજસિંહ જાડેજા અને હેડકોન્સ. ગોપાલસિંહ જાડેજાને બાતમી મળી હતી કે, એક કાળા રંગની કાર નંબર જીજે૦૩ડીજી- ૨૮૦૭માં વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે સરીતાવિહાર સોસાયટી નજીક હનુમાનજીના મંદિર પાસે વોચ ગોઠવી હતી. પોલીસે શંકાસ્પદ કારને અટકાવી તપાસ કરતા ડ્રાઈવિંગ સીટ પર બેઠેલા શ્રીનાથજી સોસાયટીમાં રહેતાં ધવલ દિલીપભાઈ ડાંગરને પકડી લીધો હતો. ગાડીની પાછળની સીટ નીચે તપાસ કરતા દારૂની પેટીઓ મળી આવી હતી. ત જેમાં રોયલ ચેલેન્જ વ્હીસ્કીં ૧૮૦ એમ.એલ.ની ૨૮૮ પ્લાસ્ટિક બોટલ કિંમત ૯૩,૬૦૦ રૂપિયા, આઈકોન વ્હાઈટ વ્હીસ્કીં ૧૮૦ એમ.એલ.ની ૧૯૨ પ્લાસ્ટિક બોટલ કિમત ૪૩,૨૦૦ રૂપિયા તથા કાર રૂા. ૫ લાખની અને એક મોબાઇલ ફોન કબ્જે કરાયા હતાં. દારૂ ક્યાંથી લાવ્યો? કોને આપવાનો હતો? તેની તપાસ પીઆઇ એચ. એન. પટેલના માર્ગદર્શનમાં થઇ રહી છે.

બીજી તરફ ડીસીપી હેતલ પટેલ, એસીપી બી.વી. જાધવની સૂચના હેઠળ આજીડેમ પોલીસ સ્ટેશનની ટીમે વહેલી સવારથી જ કડક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ ઇન્સ્પેક્ટર એ.બી. જાડેજાના નેતૃત્વમાં અલગ-અલગ ટીમો બનાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ અને દરોડાની કામગીરી કરવામાં આવી હતી.

દેશી દારૂના ૨૧ દરોડા પાડી ૨૧ને પકડી લીધા હતાં. દરોડામાં ૩૬૬ લિટર દેશી દારૂ ૭૩૨૦૦નો અને રૂા. ૩૪૦૦નો વિદેશી દારૂ પણ કબ્જે કરાયો હતો.

પોલીસે હસનેન ઉર્ફે બોડીયો ફલીમભાઈ ફારૂકી, મનસુખભાઈ ગોવિંદભાઈ પરમાર, અનીતાબેન ઉર્ફે અનુ મકવાણા, સલમાબેન જુણેજા, માયાબેન મકવાણા, અનિલભાઈ દસાડીયા, હિરલબેન સાદમિયા, કરશનભાઈ જબાણીયા, -કાશભાઈ સોલંકી, સોનાલીબેન મકવાણા, ગૌરીબેન જબાણીયા, મીનાબેન જબાણીયા, જીવતીબેન પરમાર, રેખાબેન સોલંકી, વજુભાઈ સોલંકી, ભાવેશ દેવાભાઈ ગઢવી, અજયભાઈ સાપરા, વશરામભાઈ જબાણીયા, રવિ દિનેશભાઈ બાવુકીયા, મુક્તાબેન દલસાણીયા અને સરોજબેન રાઠોડનો સમાવેશ થાય છે.

આ તમામ આરોપીઓ રાજકોટ શહેરના કોઠારીયા સોલવન્ટ, લાઠડા, હલેન્ડા, સરધાર અને આસપાસના વિસ્તારોમાંથી પકડાયા હતાં.

## શારીરિક શોષણ માટે વધુ એક વખત સોશિયલ મિડીયાનો થયો દુરૂપયોગ

# ઇન્સ્ટાગ્રામ મિત્રએ દુષ્કર્મ આચરી દીધો દગો

## ત્યક્તાને રાજકોટના શ્યામે લગ્નની લાલચ દઇ હોટેલમાં બોલાવી, બળજબરી આચરી ફોટા પાડ્યાઃ પછી કહ્યું-મેં તારો ઉપયોગ કર્યો છે, લગ્ન કરવાના થતાં જ નથી, તારા જેવી ચાર પાંચ છે!ઃ તાલુકા પોલીસે દાખલ કરી એફઆઇઆર

રાજકોટ,તા.૩

આજના સમયમાં સોશિયલ મિડીયા માધ્યમનો નાના મોટા સૌ કોઇ ઉપયોગ કરે છે. જો કે આનો દુરૂપયોગ કરનારા પણ ઓછા નથી. વધુ એક બનાવમાં એક મહિલાને લેભાગુએ સોશિયલ મિડીયાથી ફસાવી છે. લવ સેક્સ ઔર ધોખાની આ ઘટનામાં ઇન્સ્ટાગ્રામ મારફત રાજકોટના શખ્સે ભાવનગરની ત્યક્તાને ફ્રેન્ડશીપની જાળમાં ફસાવી હતી અને બાદમાં લગ્નની વાત કરવાના નામે રાજકોટ બોલાવી હોટેલમાં લઇ જઇ દેહ ચૂંથી નાંખ્યો હતો. આ વખતે પાડી લીધેલા ફોટા વાયરલ કરવાની ધમકી દઇ તેણીને મેં તો તારો ઉપયોગ કર્યો છે, તારા જેવી ચાર પાંચ છે તેમ કહી તરછોડી દીધી હતી!

ગમે તેની સાથે મિત્રતા અને પ્રમના પાઠ ઓનલાઇન સંપર્ક થકી ભણવા માંડતી સગીરાઓ સોશિયલ મિડીયાથી ત્યકતાને ફસાવી દૂષ્કર્મ આચરી તરછોડી દેવામાં આવ્યાની વધુ એક ઘટના પોલીસ ચોપડે ચડી છે. ભાવનગરની પંથકની એક ત્યકતા મહિલાને સ્નેપચેટથી પહેલા ફ્રેન્ડ બનાવી વાતો કરી બાદમાં વ્હોટ્સએપમાં પોતાના ફોટા મોકલી ત્યક્તાના ફોટા મંગાવી તમે મને બહુ ગમો છો, લગ્ન કરવા છે કહી તેણીને લગ્નની વાત કરવાના બહાને રાજકોટ બોલાવી હોટલમાં દુષ્કર્મ ગુજારી લીધા બાદ હવે મારે તારી સાથે લગ્ન નથી કરવા, તારો ઉપયોગ જ કરવો હતો, તારા જેવી મારી પાસે ચાર-પાંચ છે કહી ફોટા વાયરલ કરી દેવાની ધમકી આપતાં ફરિયાદ દાખલ કરાવવામાં આવી છે. આ બનાવમાં તાલુકા પોલીસે ભોગ બનનાર મહિલાની ફરિયાદ પરથી રાજકોટના શ્યામ અમિતભાઇ માકડીયા વિરૂધ્ધ ગુનો દાખલ કરી તેને ઝડપી લેવા તજવીજ કરી છે.



ભોગ બનેલી મહિલાએ ફયિરાદમાં જણાવ્યું છે કે મારા લ૯ બાદ પતિ સાથે મનમેળ ન થતાં અમે ૨૦૨૪માં છુટાછેડા લીધા બાદ હું મારા માવતરે રહુ છું. હું સ્નેપચેટ વાપરતી હોઉ બે મહિના પહેલા શ્યામ માકઢડીયાનો આ માધ્યમથી સંપર્ક થતાં અમારી વચ્ચે મિત્રતા થઇ હતી. અઠવાડીયુ વાત કરી હતી અને બાદ એક બીજાના મોબાઇલ નંબરની આપ-લે કરી હતી. આ પછી શ્યામે મારી સાથે વ્હોટ્સએપમાં વાત ચાલુ કરી હતી. શ્યામે કહ્યું હતું કે હું મારા માતા-પિતાનો એકનો એક દિકરો છું અને રાજકોટ રહી કંપનીમાં નોકરી કરુ છું. મારા લગ્ન બાદ છુટાછેડા થઇ ગયા છે. આ વાત કરી તેણે મને તેના ફોટા મોકલ્યા હતાં. જેથી મેં પણ મારા ફોટા મોકલતાં તેણે કહેલું કે તમે મને બહુ જ ગમો છો, તમે મને મળવા રાજકોટ આવશો? તેમ પુછતાં મેં વિચારીને કહીશ તેવુ કહ્યા બાદ વ્હોટસએપ કોલ, મેસેજથી વાત કરતાં હતાં.

ત્યારબાદ તેણે મારી સાથે લન કરવાની વાત પણ કરી હતી. જેથી વાત કરવા ૧૨/૧૨/૨૫ના રોજ હું રાજકોટ આવી હતી. ત્યારબાદ શ્યામ મને પોતાની કારમાં બેસાડી જામનગર રોડ પતરફ લઇ ગયો હતો. ત્યાં નાસ્તો કરાવી પછી કાર બહાર ઉભા રહી ફોટા પાડ્યા હતાં. આ રોડ જામનગર રોડ હોવાનું શ્યામે મને કહ્યું હતું. બાદ તેણે કહેલુ કે લગ્નની વાત કરવા માટે મે હોટેલમાં આપણો રૂમ બૂક કરાવ્યો છે, ત્યાં જઇ વાત કરશું. તેમ કહી તે મને કાલાવડ રોડ પરની હોટેલમાં લઈ ગયો હતો. જ્યાં મારુ આઇડી પ્રુફ પણ તેણે માંગ્યું હતું. એ પછી રૂમમાં તેણે લગ્ન કરવાનું વચન આપી મારી સાથે બે વખત શારીરિક સંબંધ બાંધ્યા હતા.

આ દરમિયાન મારા ન્યૂડ ફોટા પણ પાડી લીધા હતા. જ્યારે મેં ફોટા પાડવા બાબતે વિરોધ કર્યો, ત્યારે શ્યામે આપણે લગ્ન કરવાના જ છીએ કહી મને શાંત પાડી દીધી હતી. ત્યારબાદ શ્યામે કહેલું કે મારે સવારે નોકરી પર જવાનું છે. આમ કહી તે મને મુકીને જતો રહ્યો હતો અને હું હોટેલ ખાતે સુઇ ગઇ હતી. સવારે નવેક વાગ્યે જાગીને બહાર રોડ પર આવી રિક્ષામાં બેસી મારા શહેર ભાવનગર જવું હોઇ રિક્ષાવાળાને જ્યાંથી વાહન મળે ત્યાં ઉતારી દેવાનું કહેતાં તે મને કોઇ ચોકડીએ ઉતારી ગયો હતો. ત્યાંથી હું બસમાં બેસી મારા ઘરે પહોંચી હતી. આ પછી મેં શ્યામને ફોન કરી કહેલું કે મને રાતે હોટેલમાં એકલી મુકી ક્યાં ગયા હતાં? આથી તેણે નોકરીએ જવાનું હોઇ તેવી વાત કરી હતી.

ત્યારપછી ફરીથી ૧૭/૧૨ના રોજ પણ લગ્નની વાતના બહાને મને બોલાવતાં હું રાજકોટ બસ સ્ટેશન પાસેઅ ાવી હતી. અહિંથી તે કારમાં બેસાડી રેસકોર્ષ પાસે નાસ્તો કરવા લઇ ગયો હતો. બાદમાં ગાડીમાં બેસતાં મને કિસ કરી લીધી હતી. મેં તેને લગ્નનું શું કરવાનું છે? તેમ પુછતાં તેણે કહેલું કે હું તારી સાથે લગ્ન નહિ કરી શકું. મેં તેને શું વાંધો છે? તેમ પુછતાં કહેલું કે મારી પાસે તારા જેવી ચાર-પાંચ છે, મારે તારો ઉપયોગ કરવો હતો જે મેં કરી લીધો છે. જેથી મેં તેને મોબાઇલમાં મારા ન્યુડ ફોટા છે તે ડિલીટ કરવાનું કહેતાં તેણે ફોટા મારા ફોનમાં જ છે, પણ તું કોઇને વાત કરીશ તો ફોટા વાયરલ કરી નાખીશ. તારો કોઇ ભાવ પણ પુછશે નહિ તેમ કહી ફરી રાતે સાડા અગીયારે મને બસ સ્ટેશન પાસે ઉતારી જતો રહ્યો હતો.

અહિ રાતની કોઇ બસ ન હોઇ હું હોટેલ બૂક કરી રાત રોકાઇ હતી. બીજા દિવસે શ્યામને વ્હોટ્સએપ કોલ કરતાં તેણે જવાબ આપ્યો નહોતો. મારી સાથે લગ્નના નામે ખોટુ બોલી શ્યામે શોષણ કર્યુ હોઇ અંતે મારા સ્વજનને વાત કરતાં તેમણે ફરિયાદ કરવાનું કહેતાં મેં પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં ભોગ બનનારે કહેતાં ઇન્સપેકટર ડી. એમ. હરિપરાના માર્ગદર્શનમાં એફઆઇઆર નોંધાઇ હતી. એએસઆઇ દિપકભાઇ પંડીતે ગુનો દાખલ કરતાં આગળની તપાસ પીએસઆઇ કે. એચ. કારેણાએ આરોપીને પકડી લેવા તપાસ શરૂ કરી હતી. આમ વધુ એક વખત સોશિયલ મિડીયાનો શારીરિક શોષણ માટે દુરૂપયોગ થયો હતો.

હવસખોરી અને પ્રેમના નામે ખેલની બે ચોંકાવનારી ઘટનાઓ

# ઘરમાં ઘુસી યુવતિ પર બળાત્કારનો પ્રયાસ

## દેકારો મચાવી પ્રતિકાર કર્યો ત્યાં જ પરિવારજનો આવી ગયાઃ બીજી ઘટનામાં ત્યક્તાને મોહજાળમાં ફસાવી લગ્નની લાલચ દઇ હવસખોરે વારંવાર દેહ પીંખ્યો

રાજકોટ,તા.૩

હવસખોર વિકૃત શખ્સો ગમે ત્યારે ગમે ત્યાં શૈતાનીયત આચરી લેતાં હોય છે. વધુ આવી બે ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક બનાવમાં ઘરમાં એકલી રહેલી યુવતિ સાથે બળજબરીનો પ્રયાસ થયો હતો. ઢગાએ ધોળા દિવસે ઘરમાં ઘુસી બળાત્કારનો પ્રયાસ કરતાં યુવતિએ પ્રતિકાર કરી દેકારો મચાવી મુક્યો હતો. ત્યાં જ યુવતિના પવિરારજનો આવી જતાં તેણી બચી ગઇ હતી અને ઢગો ઝડપાઇ જતાં પોલીસે છુટાછેડા લઇ ચુકેલી યુવતિને લગ્નની લાલચ આપી તેની સાથે બળાત્કાર ગુજારી લેવાયો હતો અને બાદમાં તરછોડી દેવામાં આવી હતી. બીજી ઘટનામાં એક ત્યકતા સાથે પ્રેમનો ખેલ ખેલી લગ્નની લાલચ આપી હવસખોરી આચરી લેવામાં આવી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો ઉનામાં રહેતી એક યુવતી આજે બપોરે ઘરે એકલી હતી ત્યારે એક યુવક દુષ્કર્મના ઈરાદે ઘરમાં ઘુસી ગયો હતો. યુવતીએ -તિકાર કર્યો ત્યાં સુધીમાં યુવતીના પરિવારજનો આવી પહોંચ્યા હતા અને તેઓ યુવકને પકડી પોલીસ સ્ટેશને લઈ ગયા હતા. જ્યાં પોલીસે ચાચકવડના યુવક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગેની વધુ વિગત મુજબ ઉનામાં રહેતી એક યુવતી અને ચાચકવડ ગામનો ફરાન હનીફ શેખ અઢી વર્ષ પહેલા સાથે અભ્યાસ કરતા હતા. ફરાન યુવતી સાથે મિત્રતા કેળવવા ફોન પર અને સોશ્યલ મિડીયા મારફત સંપર્ક કરી મળવા માટે દબાણ



કરતો હતો. યુવતીએ ઈન્કાર કરી દીધો હતો તેમ છતાં ફરાન યુવતીની પજવણી કરતો હતો. વધુ માહિતી અનુસાર બપોરે યુવતી એકલી હતી ત્યારે ફરાન તેણીની એકલતાનો લાભ લઇ ઘરમાં ઘુસી ગયી હતો અને અભદ્ર વર્તન કરી બળજબરીથી સબંધ બાંધવા દબાણ કર્યું હતું. એકલી યુવતીએ પ્રતિકાર કર્યો હતો એ દરમ્યાન યુવતીના પરિવારજનો ઘરે આવી પહોંચ્યા હતા તેઓ યુવકને ઘરમાં જોઈ હત-ભ બની ગયા હતા. પરિવારજનોએ ફરાન શેખને પકડી લીધો હતો અને તેને લઈ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા એ અંગે ફરિયાદ થતા ઉના પોલીસે ફરાન શેખ સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આમ આવારા યુવકે યુવતીનો એકલતાનો લાભ લઇ ઘરમાં ઘુસી જઈ દુષ્કર્મ આચરવા -યાસ કરી અને અયોગ્ય વર્તન કર્યાની ઘટનાથી ચકચાર વ્યાપી ગઈ હતી. પોલીસ આવા આવારાતત્વો સામે કડક કાર્યવાહી કરે એવી માંગ ઉઠી છે.

બીજો બનાવ જોઇએ તો ભાવનગરની ત્રીસ વર્ષીય મહિલાએ રાજકોટ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલ ગુનામાં આરોપી તરીકે શહેરના જીવરાજ પાર્કમાં રહેતા શ્યામ માંકડિયાનું નામ આપ્યું હતું. ભોગ બનનાર મહિલાએ ફરિયાદમાં જણાવ્યા અનુસાર તેણીના વર્ષ ૨૦૨૪માં લગ્ન થયા હતા. લગ્નના થોડા જ સમય બાદ તેણી અને તેના પતિને મનમેળ ન થતા દંપતીએ છૂટાછેડા લઇ લીધા હતા. છૂટાછેડા લીધા બાદ મહિલા તેણીના પિયર ભાવનગરમાં રહેતી હતી. અંદાજિત ચાર-પાંચ મહિના પૂર્વે તેણીનો સોશિયલ મીડિયા મારફતે એક શ્યામ માંકડિયા નામના યુવક સાથે સંપર્ક થયો હતો.

આરોપી સાથે સંપર્કમાં આવ્યા બાદ બંને વચ્ચે વાતચીતનો દોર વધ્યો હતો. એક-બે મહિના પહેલા મહિલા આ શ્યામ માંકડિયાને મળવા રાજકોટ આવી હતી. ત્યારબાદ આરોપી તેણીને મળવા માટે મવડી વિસ્તાર આવેલી એક હોટેલે લઇ ગયો હતો. જ્યાં આરોપીએ તેણીની સાથે બળજબરીપૂર્વક શરીરસંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ મહિલાએ શખ્સને લગ્નની વાત કહેતા તેણે લગ્ન કરવાથી ઇનકાર કરી તરછોડી દીધી હતી. મહિલાએ પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદ મુજબ આરોપીએ તેણીને લગ્નની લાલચ આપી પ્રેમમાં ફસાવી બે-ત્રણ વખત રાજકોટની અલગ અલગ હોટેલમાં મુલાકાત કરી શરીરસંબંધ બાંધ્યો હતો. આ મામલે પોલીસે શ્યામ માંકડિયા વિરૂધ્ધ ગુનો નોંધી આરોપીને પકડવાની તજવીજ શરૂ કરી હતી.

---

પહેલા ગ્રુપમાં એડ કર્યો પછી નફાના સ્ક્રીન શોટ મુકી લાલચ જગાવી અને પછી કર્યો શિકાર

# રોકાણ પર ૧।। કરોડનો નફો દેખાયો, મળ્યું ફદીયુંય નહિ!

## મવડીના સ્ટીલના વેપારી યુવાન સાથે શેર બજારમાં રોકાણના નામે સત્યાસી લાખનું ઓનલાઇ ફ્રોડઃ સાયબર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરી

રાજકોટ,તા.૩

શહેરમાં વધુ એક વ્યક્તિ સાયબર ફ્રોડનો શિકાર બની જતાં સત્યાસી લાખ વીસ હજાર ગુમાવી દીધા છે. સ્ટીલની પેઢી ભાગીદારીમાં ચલાવતાં મવડીના આ યુવાનને સાયબર ગઠીયાઓએ વ્હોટ્સએપ ગ્રુપમાં એડ કરી શેર બજારમાં રોકાણ પર મોટો નફો આપવાની લાલચ આપી હતી. લપેટાઇ ગયેલા આ યુવાને ગઠીયાઓએ જ ડાઉનલોડ કરાવેલી એપ મારફત નાણાનું રોકાણ ચાલુ કર્યુ હતું. તેણે રોકેલા સત્યાસી લાખની સામે દોઢ કરોડથી વધુનો નફો એપમાં બતાવાયો હતો. પરંતુ જ્યારે તેણે આ રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે ગઠીયાઓએ વધુ રકમ માંગી હતી અને જો આ રકમ નહિ આપે તો તેનુ એકાઉન્ટ ફ્રીઝ કરી દેશે તેવી ધમકી દઇ છેલ્લે તેની સાથેનો સંપર્ક તોડી નાંખ્યો હતો.

સત્યાસી લાખથી વધુના આ સાયબર ફ્રોડની વિગતો પર નજર કરીએ તો ઓનલાઇન શેર બજારમાં રોકાણ પર મોટો નફો આપવાની લાલચ આપી મવડી સર્વોદય સ્કૂલ સામે પવિત્રમ એપાર્ટમેન્ટમાં રહેતાં અને ભાગીદારીમાં ઋષીકેશ સ્ટીલ નામે વ્યવસાય કરતા ૩૦ વર્ષીય યુવાન ડેનીશભાઇ નારણભાઈ ડોબરીયા સાથે રૂા. ૮૭.૨૦ લાખની ઠગાઇ થતાં સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં



આવી છે. સાયબર ક્રાઇમ પોલીસે ડેનીશ ડોબરીયાની ફરિયાદ પરથી અલગ અલગ ચાર બેંક એકાઉન્ટના ધારકરો સામે ગુનો નોંધ્યો છે. ફરિયાદ મુજબ નવેમ્બર ૨૦૨૫માં ડેનીશભાઇને ૧૩ સ્ટોક શેરીંગનામના વ્હોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવ્યા હતા. આ ગ્રુપના એડમિન રાહુલ કુમાર શર્માએ પોતાની ઓળખ મુંબઈ સ્થિત ફ્રેન્કલીન ટેમ્પલેટના માલિક તરીકે આપી હતી. તેણે દાવો કર્યો હતો કે ત વેલ્થ એલીયન્સ નામે અમેરિકામાં પણ કામ કરે છે અને ભારતીય રોકાણકારોને શેરબજારમાં ટ્રેડિંગ દ્વારા ૫૦૦ ટકા જેટલો નફો અપાવવાની ક્ષમતા ધરાવે છે.

ડેનીશભાઇને વિશ્વાસમાં લેવા માટે ગ્રુપમાં અન્ય મેમ્બરોના નફાના ફોટા અને મેસેજ સતત મુકવામાં આવતા હતા. ત્યારબાદ ઠગબાજોએ ડેનીશભાઈન સેન્ડસ આઇએનવી નામની એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી, જેને ગઠીયાઓએ સેબી અને અને અમેરિકાની એસઈસી માં રજીસ્ટર્ડ હોવાનું જણાવ્યું હતું. આ એપ્લિકેશનમાં યુવાનનું ડીમેટ એકાઉન્ટ ખોલાવી, તેમાં વર્ચ્યુઅલ રીતે મોટો નફો બતાવવામાં આવતો હતો. ત્યારબાદ, રાહુલ શર્મા અને બ્રાયન એ. ક્રિશ્ચિયને ડેનીશભાઇને ગેબીયન ટેક્નોલોજીસના આઇપીઓમાં ૩૦ થી ૪૦ ટકા વળતરની લાલચ આપી કુલ ૧,૨૧,૮૦૦ શેર સબસ્ક્રાઇબ કરવા કહ્યું હતું. આથી ડેનીશભાઇએ વિશ્વાસમાં આવીને માતબર રકમો વિવિધ બેંક ખાતાઓમાં જમા કરાવી હતી. જેમાં આઇસીઆઇસીઆઇ બેંકમાં ૩/૧૨ થી ૨૯/૧૨ દરમિયાન અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ ૨૯,૫૫,૦૦૦ ટ્રાન્ઝેક્શન કર્યા. તેમજ એક્સી બેંકમાં ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ઋષિકેશ સ્ટીલ સપ્લાયર પેઢીના ખાતામાંથી ૪૭,૯૦,૦૦૦ ત્રણ અલગ અલગ ૩.૫૦ લાખ, ૯.૯૦ લાખ અને ૩૪.૫૦ લાખના ટ્રાન્ઝેક્શનથી જમા કરાવ્યા હતાં. આ ઉપરાંત સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાઁ ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ૯,૭૫,૦૦૦ જમા કરાવ્યા. આમ કુલ ૮૭,૨૦,૦૦૦ જેટલી રકમ ભર્યા બાદ એપ્લિકેશનમાં તેમનું બેલેન્સ ૧,૫૩,૯૩,૪૫૬ બતાવવામાં આવતું હતું. આટલો મોટો નફો બતાવતો હોઇ જ્યારે ડેનીશભાઈએ આ રકમ ઉપાડવા માટે પ્રોસેસ કરી ત્યારે ઠગબાજોએ જણાવ્યું કે તેમને હજુ વધુ શેર એલોટ થયા છે અને તેના માટે વધારાના રૂપિયા ૩૯,૯૪,૪૪૮ ભરવા પડશે, નહિતર એકાઉન્ટ ફ્રીઝ થઈ જશે. આ રકમ ભરવાની આનાકાની કરતા ઠગબાજોએ સંપર્ક તોડી નાખ્યો હતો. છેવટે છેતરાયા હોવાનું જણાતા યુવાને સાયબર હેલ્પલાઇન અને ત્યારબાદ રાજકોટ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. સાયબર ક્રાઇમ પોલીસે આ કેસમાં રાહુલ કુમાર શર્મા, બ્રાયન એ. ક્રિશ્ચિયન અને અન્ય સંડોવાયેલા મોબાઈલ ધારકો વિરૂધ્ધ ગુનાહિત કાવતરૂં રચી ઠગાઇ કરવા બદ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ ઇન્સ્પેક્ટર જે.એમ. કૈલાએ આરોપીઓને શોધવા કવાયત શરૂ કરી છે.

---

રોજબરોજ સર્જાય છે વાહન અકસ્માત, ક્યારેક ઇજા થાય, તો ક્યારેક જીવ જાય

# કાર-ખુંટીયાને કારણે બે લોકોના મોત

## એક ઘટનામાં ઉભેલા ટેન્કર પાછળ ટુવ્હીલર અથડાતાં યુવાનનો જીવ ગયો : અન્ય બનાવમાં ઝેરી જીવડુ કરડી જવાથી યુવાનનો જીવ ગયો

રાજકોટ,તા.૩

વાહન અકસ્માત રોજબરોજ સર્જાતા રહે છે. જેમાં કેટલાકને ઇજાઓ થયા છે તો કેટલાકના મૃત્યુ પણ થાય છે. વધુ ત્રણ આવી ઘટના બની છે જેમાં અલગ અલગ પરિવારોએ પોતાના મોભી ગુમાવી દીધા છે. એક ઘટનામાં કારની ઠોકરે ચડી જતાં બાઇકચાલક વૃધ્ધનું મોત થયું હતું. તો બીજામાં ટેન્કર પાછળ ટુવ્હીલર અથડાતાં એક પ્રૌઢનું મોત થયું હતું. ત્રીજી ઘટનામાં ખૂંટીયો બાઇક સાથે ભટકાઇ જતાં યુવાનનો જીવ ગયો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો ગોંડલ નજીક આટકોટ-ગોંડલ હાઇવે પર ઇશ્વરીયાના પાટીયા પાસે કારની ઠોકરે બાઇક ચડી જતાં બાઇકચાલક આટકોટના નાના માંડવા ગામના અડસઠ વર્ષના પ્રાગજીભાઇ ધનજીભાઇ પડાળીયાનું ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. મૃત્યુ પામનાર પ્રાગજીભાઇ ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. તે ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં નાના હતાં.

સંતાનમાં ચાર દિકરી અને એક દિકરો છે. સગાના કહેવા મુજબ ગત બપોરે પ્રાગજીભાઇ પોતાના ગામમાંથી હાઇવે પરના પેટ્રોલ પંપ ખાતે પેટ્રોલ પુરાવવા ટુવ્હીલર લઇને જઇ રહ્યા હતાં ત્યારે કારના ચાલકે ઠોકરે ચડાવ્યા હતાં. અકસ્માત સર્જી કાર મુકીને ચાલક ભાગી ગયો હતો. ગોંડલ ખાનગી હોસ્પિટલમાં, બાદ રાજકોટ ખાનગીમાં સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આટકોટ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.



બીજી ઘટના જોઇએ તો શહેરના કુવાડવા રોડ પર મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર પટેલ વિહાર રેસ્ટોરન્ટ અને ઓડી શોરૂમ પાસે ઉભેલા ટેન્કર પાછળ એક્ટિવા અથડાતા ચાલક પ્રૌઢનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું છે.

મળતી માહિતી મુજબ સંત કબીર રોડ પર આવેલી શક્તિ સોસાયટીમાં રહેતા પંચાવન વર્ષના દિલીપભાઈ દિનેશભાઈ શિંગાળા રાત્રીના પોણા એકાદ વાગ્યાના અરસામાં પોતાનું એક્ટિવા જીજે૦૩સીક્યુ-૬૩૩૯ લઈને જઈ રહ્યા હતા. તે દરમિયાન હાઈવે પર ઉભેલા ટેન્કર નંબર જીજે૧૨એડબલ્યુ-૫૯૯ પાછળ તેમનું એક્ટિવા જોરદાર રીતે અથડાયું હતું. આ અકસ્માત અંગે મૃતકના પુત્ર યશ શિંગાળાએ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. યશના જણાવ્યા અનુસાર, તેને રાત્રે સવા એક વાગ્યાની આસપાસ અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો કે તેના પિતાનો અકસ્માત થયો છે.

જયારે તે મિત્ર સાથે ઘટનાસ્થળે પહોંચ્યો ત્યારે તેના પિતા લોહીલુહાણ હાલતમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. ૧૦૮ની ટીમે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતા જ કુવાડવા રોડ પોલીસનો સ્ટાફ સ્થળ પર પહોંચી ગયો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે દિલીપભાઈ પટેલ વિહાર તરફથી ગ્રીનલેન્ડ ચોકડી તરફ જઈ રહ્યા હતા ત્યારે ટેન્કરના પાછળના ભાગે અથડાતા મોઢા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થવાથી તેમનું મોત નીપજ્યું હતું. પોલીસે હાલ ફરિયાદ નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્રીજી આવી અકસ્માતની ઘટના જોઇએ તો પોરબંદરના બગવદર નજીક ખુંટીયો બાઇક સાથે અથડાતાં બાઇકચાલક નાગડકા ગામના યુવાનનું ગંભીર ઇજા થવાથી મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે. નાગડકા ગામે રહેતાં પાંચાભાઇ નાજાભાઇ મોરી નામના ચાલીસ વર્ષના યુવાન સત્યાવીસમીએ સાંજે ચારેક વાગ્યે બાઇક હંકારીને કોઇ કામ માટે પોરબંદર તરફ જતાં હતાં ત્યારે રસ્તામાં બગવદર પાસે તેના બાઇક સાથે અચાનક ખુંટીયો અથડાઇ પડતાં તેઓ બાઇક સહિત ફેંકાઇ જતાં ગંભીર ઇજા થતાં પોરબંદર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ તેમનું સારવારમાં મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં બગવદર પોલીસે રાજકોટ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. અપમૃત્યુની અન્ય એક ઘટનામાં ઝેરી જીવડુ કરડવાથી યુવાનનો જીવ ગયો હતો. શહેરના પારેવડી ચોક મહાત્મા ગાંધી પ્લોટમાં રહેતા અગણત્રીસ વર્ષનાં સુરજભાઇ રામજીભાઇ સોલંકી નામના યુવાનનું ઝેરી જીવડુ કરડી જવાને કારણે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. સુરજભાઇ અઠ્ઠાવીસમીની સાંજે સાડા છએક વાગ્યે ઘરે હતો ત્યારે કોઇ જીવડુ કરડી જતાં ઝેરી અસર થતાં સારવાર માટે દાખલ કરાયો હતો. સારવાર દરમિયાન મૃત્યુ થતાં બી-ડિવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર યુવાન આરએમસી કચરા ગાડીમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતો હતો. તે એક બહેનથી નાનો અને કુંવારો હતો. યુવાના દિકરાના અણધાર્યા મૃત્યુથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

---

ઈન્સ્ટાગ્રામ પર શિવાનીએ મુકેલી જાહેરાત જોઇ સંપર્ક કર્યો અને શિકાર બની ગયો

# વિદેશમાં જોબના નામે યુવાનને ૨૧ લાખનો ચૂનો

## ટીકીટ આપી ન્યુઝીલેન્ડ જવા રવાના કરી દેવાયોઃ પણ સિંગાપોર પહોંચ્યો ત્યારે ખબર પડી કે ઇમિગ્રેશનનો લેટર જ ખોટો છેઃ યુવતિ સહિત ચારને શોધી રહી છે પોલીસ

રાજકોટ,તા.૩

વિદેશના વર્ક પરમીટ વિઝા, વિદેશમાં નોકરી સહિતની લાલચ આપી લેભાગુ ગઠીયાઓ લોકોને સતત છેતરે છે. આવી ઠગાઇના કિસ્સા સતત અવિરત બનતા રહે છે. આમ છતાં લોકો લાલચમાં આવી જાય છે અને લાખો રૂપિયા ગુમાવી દે છે. વધુ એક બનાવમાં એક યુવાનને ચાર ગઠીયાઓએ ન્યુઝીલેન્ડમાં તમારી જોબ પાક્કી થઇ ગઇ છે કહીને ટીકીટ લેવા બોલાવ્યો હતો. જો કે ત્યારે યુવાનને ખબર પડી હતી કે તેના એકવીસ લાખ ઓળગી ગયા છે. યુવાન સિંગાપોર એરપોર્ટ પર પહોંચ્યો ત્યારે ઈમિગ્રેશન લેટરની તપાસ થતાં છેતરાઇ ગયાની ખબર પડતાં ન્યુઝીલેન્ડના બદલે વીલા મોઢે ઘરે પાછા ફરવાની નોબત આવી હતી. આ ફ્રોડમાં પણ ગઠીયાઓએ સોશિયલ મિડીયાનો ઉપયોગ કર્યો હતો. ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત મુકીને શિકાર ફસાવ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો આ ઘટનામાં ભરૂચનો યુવાન છેતરાઇ ગયો છે. છેતરનારા ચારમાં એક મહિલા પણ સામેલ છે. ન્યૂઝીલેન્ડના વર્ક વિઝા અને નોકરી અપાવવાના નામે ભરૂચના યુવક પાસેથી એક મહિલા સહિત ચાર ભેજાબાજોએ એકવીસ લાખ રૂપિયા પડાવ્યા હતા. આ મામલે માંજલપુર પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે અને આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી. વધુ માહિતી અનુસાર ભરૂચના સત્યાવીસ વર્ષના હર્ષ પંડ્યાએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ દહેજની કંપનીમાં નોકરી કરે છે. ઈન્સ્ટાગ્રામ પર શિવાની જોશી જે વડોદરાની છે તેના દ્વારા પોસ્ટ કરાયેલી ન્યૂઝીલેન્ડમાં જોબની જાહેરાત જોઈ હતી. તેમણે શિવાની જોશીનો સંપર્ક કર્યો હતો અને પૂછપરછ કરી હતી. શિવાનીએ ડોક્યુમેન્ટ્સ અને બાયોડેટા માંગ્યો જે મોકલી




દીધા હતા.

આ પછી શિવાની જોશીએ જણાવ્યું હતું કે ન્યૂઝીલેન્ડમાં નીખીલ ઠક્કરની બર્ગર શોપમાં કિચન હેન્ડની જોબ માટે જગ્યા છે. જેના માટે ત્રીસ લાખ રૂપિયાનો ખર્ચ થશે. હર્ષે સંમતિ આપતા શિવાનીએ નીખીલ ઠક્કર સાથે વાત કરી હતી. આ પછી ૨ ઝૂમ એપ પર હર્ષનું ઓનલાઇન ઇન્ટરવ્યુ લેવાયું હતું, જેમાં વિનીત શાહ પણ હાજર હતા. નીખીલ ઠક્કરે ઇન્ટરવ્યુ લીધું હતું અને સિલેક્ટ કર્યા હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ હર્ષે શિવાનીની ઓફિસમાં ૧૦ લાખ રૂપિયા રોકડા આપ્યા હતા. ત્યારબાદ એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ મળ્યો હતો. બાદમાં વધુ બે લાખ અનઆઠ લાખ રૂપિયા અંકિત ગોવિંદભાઇ રબારીને ઓનલાઇન ચૂકવ્યા, જે શિવાની અને વિનીતનો મિત્ર છે. નીખીલ ઠક્કરે બાકીના પૈસા વિનીત શાહને આપવાનું કહ્યું હતું. આ પછી કોલ કરીને જણાવ્યું હતુ કે, જોબ પાક્કી થઈ ગઈ છે, તમે ટિકિટ લઈ આવો. બાકીના ૧૦ લાખમાંથી ફરી ૩ લાખ રોકડ અને ૨ લાખ આરટીજીએસથી શિવાનીને આપ્યા હતાં.

આમ કુલ ૨૫ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. ટિકિટ પોતાના ખર્ચે ખરીદી હતી. નોકરી પાક્કી થઇ ગયાનું સમજીને હોંશે હોંશે હર્ષ મુંબઈથી ન્યૂઝીલેન્ડ જવા નીકળ્યો હતો. જો કે સિંગાપુર એરપોર્ટ પર ઇમિગ્રેશન લેટર ફેક હોવાનું જાણવા મળ્યું હતું.

ઓકલેન્ડ એમ્બેસીમાંથી કોલ આવ્યો હતો અને પૂછપરછમાં ખોટા ડોક્યુમેન્ટ્સ છે તેમ કહીને ભારત પરત ફરવાનું કહ્યું હતું. પચ્ચીસ લાખ પૈકી ચાર લાખ રૂપિયા હર્ષને પરત કર્યા હતા. પરંતુ બીજા એકવીસ લાખ રૂપિયા પરત કર્યા નથી.

જેથી શિવાની જોશી, વિનીત શાહ, નીખીલ ઠક્કર અને અંકિત રબારી સામે છેતરપિંડીની ફરિયાદ માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસ આ ચંડાળ ચોકડીને ઝડપી લેવા કામે લાગી હતી. આમ વિદેશમાં જોબની લાલચનું ગાજર આપી વધુ એક યુવાનના એકવીસ લાખ ઉસેડી લેવાયા હતાં. આ પ્રકારની ઠગાઇ સતત વધી ગઇ હોઇ ગમે તેવા લેભાગુ એજન્ટોનો સંપર્ક કરી નાણા ધરી દેતાં પહેલા સો વખત વિચાર કરવાની, તપાસ કરવાની ખુબ જરૂર છે.

# જિ.પં.માં ભાજપના દસ સભ્યો રીપીટ ?

## યુવાનોને મળી શકે છે વધુ તક : પાનેલીની એક , જેતપુરની બે તથા ગોંડલની એક બેઠક થઈ શકે છે રીપીટ : જામકંડોણા - ધોરાજીની બેઠક રીપીટ ન થાય તેવી પ્રબળ સંભાવના



રાજકોટ, તા. ૩

મહાનગરપાલિકાની જેમ જિલ્લા પંચાયતમાં પણ નો રીપીટ થિયરી અમલી બને તેવા ઉજળા સંજોગો સામે આવ્યા છે. જિલ્લા પંચાયતના જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર પ્રવર્તમાન સદસ્યો માંથી માત્ર ૮ થી ૧૦ સીટ રિપીટ થાય તેવું જણાઈ રહ્યું છે બાકીની બેઠકો માટે યુવા નેતાઓને સ્થાન આપવામાં આવશે તેવું ચિત્ર હાલ ઉભું થઈ રહ્યું છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર જે ગત ટર્મમાં પ્રથમ વખત ચૂંટાઈને આવ્યા હોય તેવા સદસ્યોને રીપીટ કરવામાં આવશે અથવા તો જ્યાં અનામત બેઠક અમલી બનાવી હોય તો તેઓને અન્ય બેઠક ઉપરથી પણ ચૂંટણી લડાવવામાં આવે તેવા સંજોગો જોવા મળી રહ્યા છે અને તે દિશામાં હાલ ભાજપે વિચારવાનું પણ શરૂ કરી દીધું છે. ત્યારે હાલની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લેતા ૮ થી ૧૦% સદસ્યો જિલ્લા પંચાયતમાં રીપીટ થશે.

બીજી તરફ જિલ્લા પંચાયત ભાજપના જ ટોચના આગેવાનોએ માહિતી આપતા જણાવ્યું હતું કે હાલ વિરોધ પક્ષ દ્વારા જે મહેનત કરવામાં આવી રહી છે તેનાથી ભાજપના આગેવાનોને ક્યાંક ને ક્યાંક પડકારનો સામનો કરવો પડશે બીજી તરફ તેઓએ સમસ્યા પણ વર્ણવી હતી કે સામાન્ય પ્રજા અને ગામડાઓના વિકાસ માટે જે રજૂઆત કરવામાં આવતી હોય તે કામ સમયસર પૂર્ણ થતા નથી અને પરિણામ સ્વરૂપે હેરાનગતિ સ્થાનિક લોકોએ વેઠવી પડે છે અને તેની પાછળનું કારણ જો કોઈ હોય તો તે અધિકારીઓ છે. ત્યારે અધિકારીઓ દ્વારા કરવામાં આવતી કામગીરી ઉપર જો સરકાર અંકુશ લાદશે તો ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમના વિસ્તારના પડતર કામો પૂર્ણ કરાવી શકશે. વિવિધ બેઠકો પર હાલ અસંતોષની લાગણી જોવા મળી રહી છે તેની પાછળનું જો કોઈ કારણ હોય તો તે એ છે કે ગામડાઓનું વિકાસ જે ગતિએ થવો જોઈએ તે થતો નથી અને તેની પાછળ જો કોઈ જવાબદાર હોય તો તે અધિકારીઓ છે ત્યારે આ વખતની ચૂંટણીમાં આ મુદ્દો પણ ચિંતા નો વિષય બન્યો છે.

બીજી તરફ જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપનો વિજય નિશ્ચિત છે કારણ કે સામે એવું કોઈ સક્ષમ નેતૃત્વ નથી જેના પર પ્રજા ભરોસો રાખી શકે. ભાજપના જ ટોચના આગેવાને સ્વીકાર્યું હતું કે પ્રવર્તમાન બોડીમાં ઘણા ખરા કામો થઈ શક્યા નથી અને ક્યાંકને ક્યાંક અસંતોષની લાગણી પણ જોવા મળી રહી છે ત્યારે આ ચૂંટણીમાં તેની ક્યાંક અસર તો જોવા મળે તો નવાઈ નહીં પરંતુ સામે કોઈ સક્ષમ નેતૃત્વ ન હોવાના કારણે લોકો ભાજપ ઉપર જ ભરોસો રાખી રહ્યા છે. સામે તેઓએ જણાવ્યું હતું કે ખરા અર્થમાં યુવા નેતાઓને વધુ તક આપવામાં આવે તે ખૂબ જરૂરી છે કારણ કે જેટલા જૂના જોગીઓ છે તેમની પાસે અનુભવ છે પરંતુ કામ કરવાની ક્ષમતા નથી ત્યારે જો યુવા વર્ગ જાહેર જીવનમાં આવશે અને ચૂંટણી લડશે તો તેઓ પ્રજા હિતમાં અનેકવિધ નિર્ણયો લઈ શકશે અને સરકાર પાસેથી પણ ગામડાઓના વિકાસ માટેના કામો કરાવી શકશે ત્યારે જરૂર છે કે આ વખતે પક્ષ દ્વારા વધુને વધુ યુવાનોને તક આપવામાં આવે.

જિલ્લા પંચાયતના સૂત્રોએ જણાવ્યું હતું કે આ વખતે મોટા ગજાનાં નેતાઓ ચૂંટણી લડવા માટે આગળ નહીં આવે તો પણ નવાઈ નહીં. હાલ પંચાયતમાં વિકાસનો દર ખૂબ ઓછો થઈ ચૂક્યો છે અને ખૂબ કામો પેન્ડિંગ પડેલા છે અને સામે જે વિરોધનો વંટોળ ઊભો થયો છે તેમાં હાથ ન નાખવા માટે પણ ઘણા ખરા જૂના જોગીઓ આગળ આવતા નથી. ત્યારે જિલ્લા પંચાયતની ચૂંટણી પણ રોમાંચક બની રહે તેમાં નવાઈ નહીં. ગત ટર્મમાં ઘણા ખરા સદસ્યો દ્વારા સક્રિય કામગીરી પણ કરવામાં આવી છે અને તે વાતને ગંભીરતાને ધ્યાને લઈને જ તેઓને ફરી રીપીટ કરવામાં આવશે અથવા તો તેમને અન્ય બેઠક ઉપરથી પણ ચૂંટણી લડાવવામાં આવે તેવો તખતો હાલ નક્કી થઈ રહ્યો હોવાનું પણ ભાજપના ટોચના આગેવાને જણાવ્યું હતું.

# વોર્ડ ૮માં અશ્વિન પાંભર કે બીપીન બેરા કોઈક એકની કપાશે ટિકિટ

## OBC બેઠક આવતા જ ઉભો થયો પ્રશ્ન : રહેવાસીઓની માંગ યુવા નેતા આપો

રાજકોટ, તા. ૩

દરેક રાજકીય પક્ષ માટે બેઠક સમીકરણ અત્યંત મહત્વપૂર્ણ ભાગ ભજવતું હોય છે મળતી માહિતી મુજબ હાલ મહાનગરપાલિકાની ચૂંટણી તથા જિલ્લા પંચાયતની ચૂંટણી થોડા સમયમાં જ યોજવાની છે ત્યારે પ્રજા સેવક તરીકે ક્યાં આગેવાનોને ટિકિટ આપવી અને તેઓને જીતાડવા માટે પક્ષને શું રણનીતિ હોય તે અંગે હાલ ચર્ચા વિચારણા ચાલી રહી છે માત્ર ભાજપ જ નહીં પરંતુ કોંગ્રેસ પક્ષે પણ ગઈકાલે ઈચ્છિત ઉમેદવારો માટે સેન્સ પ્રક્રિયા ગોઠવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વોર્ડ નંબર આઠમાં પણ હાલ ભાજપ માટે વિકટ પરિસ્થિતિ ઊભી થઈ શકે છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રોસ્ટર જે જાહેર કરવામાં આવ્યું તેમાં વોર્ડ આઠમાં એક ઓબીસી બેઠક આપવામાં આવી છે જેમાં પ્રથમ બે બેઠક સામાન્ય મહિલા અનામત, ત્રીજી બેઠક ઓબીસી અને ચોથી બેઠક ફરી સામાન્ય નક્કી કરવામાં આવી છે ત્યારે ઓબીસી બેઠક આવતાની સાથે જ હાલના પ્રવર્તમાન નગર સેવક અશ્વિન પાંભર તથા બીપીન બેરા માંથી એક ની ટિકિટ સો ટકા કપાશે.

ત્યારે વોર્ડ નંબર આઠ માટે પક્ષ શું પગલાં લેશે તે જોવાનું રહ્યું સામે વિરોધ પક્ષના કયા



ઉમેદવાર ચૂંટણી લડવા માટે ઉત્સુકતા દાખવે છે તે પણ મહત્વનું બની રહેશે. પ્રવર્તમાન નગરસેવકો ની કામગીરીથી સ્થાનિક લોકોમાં ભારે રોષ વ્યાપી ઊઠ્યો છે એટલું જ નહીં તેઓએ જણાવ્યું કે ચૂંટાયેલા જન પ્રતિનિધિ જમીન સાથે જોડાયેલા હોવા જોઈએ અને લોકો સાથે સમયાંતરે સંપર્ક પણ સાધવો જોઈએ પરંતુ કદાચ આ કામ કરવામાં નગર સેવકો નિષ્ફળ નીકળ્યા છે.

લોકોનો રોષ પણ પક્ષથી છૂપો નથી ત્યારે રાજકીય તજજ્ઞો દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ વખતે પ્રદેશ કક્ષાએથી અને ખાસ તો સ્થાનિક કક્ષાએથી ટિકિટ વેચાણી નો મુદ્દો અત્યંત પેચીદો બની રહેશે.

### વોર્ડમાં ઉઠી રહી છે યુવા નેતાની માંગ

લોકોનું માનવું છે કે, આ સ્થિતિમાં યુવા નેતાજ સમાજને સાચી દિશામાં દોરી શકે છે, કારણ કે આ પહેલા ચુંટણી સમયે લોકો મત માંગવા માટે આવે અને મોટા મોટા વાયદાઓ કરી જાય છે, પણ તે માત્ર વાયદાઓ જ રહી જાય છે. ત્યારે જો યુવા નેતા હોઈ તો તે લોકોને સમજી શકે અને લોકોની અપેક્ષા મુજબ કાર્યો પણ કરી શકે. સાથો સાથ લોકોએ માંગણી કરી હતી કે, બાળકો માટે પ્લે એરિયા, વડીલો માટે સીનીયર સીટીઝન પાર્ક બનાવો જોઈએ. વિવિધ સોસાયટીના લોકોએ જણાવ્યું હતું, શાળા અને જાહેર સંસ્થાઓ નજીક ન્યુસન્સ દિન પ્રતિદિન વધી રહ્યું છે, જેને ડામભવા નાગર્સેવાકોએ બીડું ઉપાડવું જોઈએ

### કોને રિપીટ કરશે અને કોને નહીં તે ૧૦૦ મણનો સવાલ

ચૂંટણી પૂર્વે જ્યારે નક્કી થયેલા નગર સેવકો પ્રજા વચ્ચે જય મોટા વાયદાઓ હોય ત્યારે લોકો તેમની વાત ઉપર ચોક્કસપણે ભરોસો મૂકી દેતા હોય છે પરંતુ ક્યાંક ને ક્યાંક એ ભરોસો ખરા અર્થમાં પરિપૂર્ણ થતો પણ નથી. હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લેતા એ વાત સ્પષ્ટ છે કે કોને રીપીટ કરશે અને કોને નહીં તે પક્ષ માટે અત્યંત જટિલ અને વિકટ મુદ્દો બની રહેશે. રીપીટ ક્યારે કરવામાં આવશે કે જ્યારે પ્રવર્તમાન કોર્પોરેટરોની કામગીરીથી લોકો ખુશ હોય પરંતુ તે કદાચ જોવા મળતું નથી ત્યારે તંત્ર માટે ફરી એક વખત એકડે એક થી આંકડો ઘૂંટવો પડે તેવું રાજકીય વર્તુળો જણાવી રહ્યા છે. સામે પ્રવર્તમાન નગરસેવકો માંથી અશ્વિન પાંભર ને રીપીટ કરવા કે કેમ તે અંગે પણ અનેકવિધ સવાલો ઉભા થઈ રહ્યા છે. એક તરફ ચૂંટણી આયોગ નું રોસ્ટર અને બીજી તરફ ભાજપના નિયમો ખરા અર્થમાં કોના માટે લાભદાય નીકળશે તે જોવાનું રહ્યું. સ્થાનિક સ્થિતિને અનુભવાતા હાલ દરેક વોર્ડમાં ક્યાંક ને ક્યાંક નાના મોટા રાજકીય પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે તેવું જાણકાર વર્તુળો કહે છે. આ સ્થિતિને કેવી રીતે પક્ષ ઠારે પાડશે તે હવે જોવાનું રહ્યું.

## ધુળેટી પર્વ પૂર્ણ થયો અને તંત્ર ધાણી ખજૂરના નમુના લેવા બજારમાં નીકળી

# આરોગ્ય વિભાગની 'નાટકરૂપી ડ્રાઈવ'

રાજકોટ, તા. ૩

રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીને લઈને અગાઉ પણ અનેકવિધ પ્રશ્નો ઊભા થયેલા છે ત્યારે ફરી એક વખત આવી જ એક વાત સામે આવી છે હાલ આજે ધુળેટી નો પર્વ છે અને હોલિકા દહન પણ થઈ ચૂક્યું છે ત્યારે આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા ખજૂર ધાણીના વેપારીઓ પર તપાસ બોલાવવામાં આવી અને નમુના લેવામાં આવ્યા જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આ કામગીરી અનેક અંશે શંકાસ્પદ છે કારણ કે જે સમયે નમૂનાની ચકાસણી થવી જોઈએ તે સમયે તો થતી નથી હાલ આ પર્વ પણ પૂર્ણ થવાના આડે છે ત્યારે આ બધી કામગીરી કરવાનો મતલબ શું. માત્ર દેખાડો કરવા માટે જ આરોગ્ય વિભાગ કામ કરતું હોય તેવું ચિત્ર જોવા મળી રહ્યું છે.

રાજકોટના સદર બજાર સહિતના વિસ્તારોમાં ફૂડ વિભાગની ટીમે દરોડા પાડીને જુદી-જુદી પેઢીઓમાંથી કુલ ૨૦ નમૂના લીધા છે. આ નમૂનાઓમાં હોળીના સ્પેશિયલ ખાદ્ય પદાર્થો જેવા કે ધાણી, દાળિયા અને ખજૂરનો સમાવેશ થાય છે. આશ્ચર્યની વાત એ છે કે, આ તમામ વસ્તુઓનો સૌથી વધુ વપરાશ હોળીના દિવસે જ હોય છે, જે વીતી ગયા બાદ હવે તંત્ર દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવી છે. સમયાંતરે ફૂડ વિભાગ દ્વારા આ પ્રકારની ચકાસણી કરવામાં આવતી હોય છે અને તેમાં જો કોઈ શંકાસ્પદ ચીજ વસ્તુઓ ધ્યાને આવે તો તેના પર પગલા પણ લેવાય છે પરંતુ ખરી વાસ્તવિકતા તો એ છે કે હાલના તબક્કે જે કામગીરી ફૂડ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે તે પ્રશ્નો ઊભા કરે છે. હાલ જે નમુના ખજૂરના લેવામાં આવ્યા તે અંગેનો રિપોર્ટ આવતા ત્રણથી ચાર માસ બાદ જ મળશે ત્યારે તે સમયે



જો કોઈ ક્ષતિ નમૂનામાં જોવા મળી તો તે સમયે વિક્રતા ઉપર દંડ ફટકારવો તે ન્યાય પૂર્ણ નથી તેવું વર્તુળો કહી રહ્યા છે. ખરા અર્થમાં આ કામગીરી અગાઉ જ થવી જોઈએ પરંતુ ક્યાંક ને ક્યાંક લાલિયા વાડીના પગલે તંત્ર ગંભીરતાપૂર્વક ધ્યાન આપી શકતું ન હોવાનું પણ માલુમ પડ્યું છે.

સૌથી હાસ્યાસ્પદ બાબત એ છે કે, લેવામાં આવેલા આ નમૂનાઓનું લેબોરેટરી રિઝલ્ટ આવતા અંદાજે ૩ મહિના જેટલો સમય લાગશે. એટલે કે, જ્યારે રિપોર્ટ આવશે ત્યારે ન તો એ સ્ટોક બજારમાં હશે, ન તો તહેવારની કોઈ અસર હશે. તંત્રની આ કામગીરી માત્ર કાગળ પર કામગીરી બતાવવા પૂરતી હોય તેમ લાગી રહ્યું છે. હોળી-ધૂળેટીના પર્વ નિમિત્તે શહેરીજનોએ લાખો રૂપિયાની ધાણી, દાળિયા, ખજૂર અને હારડા ખાઈ લીધા બાદ, હવે ફૂડ વિભાગના અધિકારીઓ બજારમાં ચેકિંગ કરવા નીકળ્યા છે. જેને લોકો 'નાટકરૂપી ડ્રાઈવ' ગણાવી રહ્યા છે.

# "હું ભ્રષ્ટાચારી મેયર છું", મનપામાં મહિલા કોંગ્રેસનો હલ્લાબોલ

## પ્લાસ્ટિકનો બંગલો આપતા પોલીસે અટકાવ્યા હાય રે મેયર હાય હાયના નારા સાથે છાજીયા લીધાં : મેયરના પતિના ગેરકાયદેસર બાંધકામ મામલે કોંગ્રેસની મહિલા પાંખનો ઉગ્ર વિરોધ









રાજકોટ , તા. ૩

રાજકોટ શહેરના મેયરના પતિના ગેરકાયદેસર બાંધકામનો મુદ્દો ફરી એક વખત ગાજ્યો હતો. મહાનગર પાલિકા કચેરીમાં કોંગ્રેસની મહિલા પાંખે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતો. અને ''હું ભ્રષ્ટાચારી મેયર છું'' ના પોસ્ટર બતાવવામાં આવ્યા હતા. મહિલા કોંગ્રેસ દ્વારા મેયરનો ઘેરાવ કરાયો હતો. અને હાય રે મેયર હાય હાયના નારા લગાવી છાજીયા લીધાં હતાં. કોંગ્રેસની મહિલા કાર્યકર્તાઓને મેયરને પ્લાસ્ટિકનો બંગલો આપવાનો પ્રયાસ કર્યો હતો પણ, પોલીસે તેમને અટકાવવામાં આવ્યા હતા. જે વખતે મહિલા કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયુ હતુ. જોકે આ અંગે મેયરે કહ્યું કે મને કોણ ફસાવે છે તેનું હું નામ લઈ વિવાદમાં પડવા માંગતી નથી. બીજી બાજુ જિલ્લા કલેકટર તંત્ર દ્વારા આ કથિત ગેરકાયદેસર બાંધકામ અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે ત્યારે મહિલા કોંગ્રેસ દ્વારા મહાનગરપાલિકાની ચૂંટણી નજીક આવી રહી હોય આ સ્ટંટ કરવામાં આવ્યો હોવાનો દાવો શાસક પક્ષ દ્વારા કરવામાં આવ્યો હતો. રાજકોટ શહેર મહિલા કોંગ્રેસ દ્વારા મહાનગરપાલિકા ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મેયરના પતિ વિનોદભાઈ પેઢડિયા દ્વારા દ્વારા સંતકબી રોડ ઉપર શિવ શક્તિ સોસાયટીમાં શ્રી સરકાર થયેલી સૂચિત સોસાયટીની જમીન પર કરવામાં આવેલાં ગેરકાયદેસર બાંધકામના મુદ્દે મહિલા કોંગ્રેસ દ્વારા કડક વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. શહેરમાં વધી રહેલા ભ્રષ્ટાચાર અને સત્તાનો દુરુપયોગ સામે મહિલાઓએ ન્યાયની માંગ કરી હતી.

રાજકોટ શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ દીપ્તિ બેન સોલંકીએ જણાવ્યું હતું કે, મેયરના પતિદેવ દ્વારા સરકારી જમીન પર ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું હોવા છતાં આજ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જે તંત્રની નિષ્ક્રિયતા દર્શાવે છે. સામાન્ય નાગરિકો દ્વારા નાનામાં નાના નિયમભંગ માટે કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ સત્તાધીશો સાથે જોડાયેલા લોકો સામે કાર્યવાહી કરવામાં આવતી નથી, જે ભ્રષ્ટાચારનું જીવંત ઉદાહરણ છે. ભારતીય જનતા પાર્ટી ના શાસનમાં સત્તાનો દુરુપયોગ થઈ રહ્યો હોય એવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ સમગ્ર મામલો માત્ર એક ગેરકાયદેસર બાંધકામનો નથી પરંતુ ભ્રષ્ટાચાર અને સત્તાના દુરુપયોગનું પ્રતિક છે. જો સત્તાધીશો સાથે જોડાયેલા લોકો સામે કાર્યવાહી નહીં થાય તો કાયદા પર લોકોનો વિશ્વાસ નબળો પડશે. કાયદો દરેક માટે સમાન હોવો જોઈએ અને કોઈ પણ વ્યક્તિ કાયદાથી ઉપર નથી. દીપુબેન રવિયાએ જણાવ્યું હતું કે શહેરના જંગલેશ્વર વિસ્તારમાં સરકારી જમીન પર થયેલા ગેરકાયદેસર દબાણ પર તાત્કાલિક બુલડોઝર ફેરવવામાં આવ્યું તો મેયરના પતિના બંગલા પર શા માટે બુલડોઝર ફર્યુ નથી. જંગલેશ્વરમાં અનેક મુસ્લિમ પરિવારોનો રમઝાન મહિનો ચાલી રહ્યો હતો. આમ છતાં પણ તેની પરવા કર્યા વિના તંત્ર દ્વારા ગેરકાયદેસર દબાણ તોડી પાડવામાં આવ્યું હતું. જેથી મેયરના પતિનું ગેરકાયદેસર બાંધકામ પણ તોડી પાડવામાં આવે તેવી માંગણી કરી હતી .

મહિલા કોંગ્રેસના બહેનો દ્વારા ખાસ કરીને આ મુદ્દે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો કે, મહિલા મેયર તરીકે શહેરની પ્રથમ નાગરિક હોવા છતાં જો તેમના જ પરિવાર દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવે તો મહાનગર પાલિકા માં કેટલો ભ્રષ્ટાચાર થતો હશે ? ગેરકાયદેસર કાર્યો સામે કાર્યવાહી ન થવી એ નૈતિક રીતે સ્વીકાર્ય નથી. મહિલા કોંગ્રેસ દ્વારા માંગ કરવામાં આવી હતી. આ ગેરકાયદેસર બાંધકામ પર બુલડોઝર તાત્કાલિક ફેરવી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી

મહીલા કોંગ્રેસ દ્વારા ચેતવણી આપવામાં આવી હતી કે જો આ મુદ્દે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આવનારા સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં રાજકોટ શહેર મહીલા કોંગ્રેસ પ્રમુખ દીપ્તિબેન સોલંકીની આગેવાનીમાંજયાબેન ચૌહાણ, દીપુ રવિયા હિરલબા રાઠોડ ચંદ્રિકાબેન વરણીયા કંચન બેન વાળા જયાબેન ટાંક મેરૂબેન કુરેશી ભાવનાબેન વાઘેલા વિભૂતિબેન ત્રિવેદી રેણુકાબેન પટેલમીનાબેન ચૌહાણ મહીલા કોંગ્રેસના હોદ્દેદારો તેમજ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### આ બધાં પાછળ કોનો દોરી સંચાર છે એ હું જાણું છું: મેયર

દરમિયાન મહિલા કોંગ્રેસ દ્વારા કરાયેલા દેખાવો બાદ મેયર નયનાબેન પેઢડીયાએ એવું કહ્યું હતું કે, લાંબા સમયથી બાંધકામ મુદ્દે મને અને મારા પરિવારને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જિલ્લા કલેકટર તંત્ર એ આ બાબતે સ્પષ્ટતા કરી દીધી છે. આમછતાં છાશવારે આ મુદ્દો ઉછાળવામાં આવે છે. આ બધાં પાછળ કોનો હાથ છે એ હું જાણું છું પણ હું કોઈ વિવાદ ઉભો કરવા માંગતી નથી કે વિવાદમાં પડવા માંગતી નથી.